Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૭ • તા. ૨૩ નવેમ્બર થી ૨૯ નવેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## રજત જયંતી નિમિત્તે શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા જ્ઞાન સંસ્કાર પર્વ







ગુરૂ-ભગવંતોની નિશ્રામાં વિવિધ ધાર્મિક શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ધ ઈકોનોમિક ટાઈમ્સના પ્રેરણાદાયી શાણા રોકાણકારો વિશેના વિશેષ લેખમાં જ્ઞાતિના શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર(સુથરી - વરલી)ને માન ભર્યું સ્થાન વિશેષ અહેવાલ ૨૫મા પાને

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ–ઘાટકોપર




### વિદ્યાર્થીગૃહનું ગૌરવ

કરાટે ચેમ્પિયનશીપ
૨૦૧૫-૧૬ સ્પર્ધાના
ગોલ્ડ મેડલ વિજેતા
ચિ. ફેનીલ શરદ પોલડીયાને
હાર્દિક અભિનંદન

આપણા વિદ્યાર્થીઓ ભણવામાં તો હોશિયાર છે જ; પણ તેઓનો અન્ય ક્ષેત્રે પણ વિકાસ થઈ રહ્યો છે જેનો બોલતો પૂરાવો ઉપરોક્ત ફોટો છે. વિદ્યાર્થીગૃહમાં રહી એસ.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતા ફેનીલ શરદ પોલડીયાએ મહારાષ્ટ્ર અમેચ્યોર સ્પોર્ટસ કરાટે એસોસીએશન દ્વારા મુંબઈ પબ્લિક હાઈસ્કુલ, વડાલા ખાતે તા. ૨૪ અને ૨૫ ઑક્ટોબર ૨૦૧૫ના રોજ આયોજીત ૧૯મી સ્ટેટ લેવલ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૫-૧૬ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.

**મેળવેલ સિદ્ધિ બદલ ફેનીલને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.**

સ્ટેટ લેવલ ચેંમ્પિયન બનેલ ફેનીલની ૨૦ થી ૨૨ નવેમ્બર ૨૦૧૫ના દિલ્હી ખાતે યોજવા જઈ રહેલ નેશનલ લેવલ કરાટે સ્પર્ધામાં વરણી થવા બદ્દલ અભિનંદન અને વિજય હાંસલ કરવા માટે ખુબખુબ શુભકામનાઓ. **આ રીતે જીવનમાં સદા પ્રગતિ કરતા રહો એવી શુભેચ્છા !**

**વિદ્યાર્થીગૃહના પદાધિકારીઓ, ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને સ્ટાફ**

# ધરમશી તથા ખોના પરિવારનું ગૌરવ







## ચિ. અર્જુન મુકેશ જાદવજી ધરમશી (નલીયા - ડોંબીવલી)

**ARJUN** has successfully completed **B.E.** in Mechanical Engineering from Mumbai University with **First (1st) Class** and is Pursuing (HVAC) and (Industrial Piping) Course from Engineering institute.

**ચિ. અર્જુન**ને બેચલર ઑફ મૅકેનીકલ એન્જીંનિઅરીંગની પદવી મેળવી તે બદલ અભિનંદન તથા ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના ! આ સિધ્ધિ બદલ તેને આ અંતરભીના અભિનંદન !!

**જોઈ તારી સફળતા અનેરી, મન અમારું હરખાય છે !!!**

-: શુભેચ્છક :-

દાદાણા : **માતુશ્રી ચંદનબેન જાદવજી લાલજી ધરમશી** - નલીયા - ડોંબીવલી

નાનાણા : **માતુશ્રી કમલાબેન વીસનજી લાલજી ખોના** - નલીયા - મુલુંડ

માતા-પિતા : **અ.સૌ. વિપુલા મુકેશ જાદવજી ધરમશી** - નલીયા - ડોંબીવલી

**કાકા-કાકી-ફઈ-ફુવાઓ-માસા-માસીઓ-મામા-મામી**
**તેમજ સર્વે સ્વજનો અને મિત્રવર્તુળ**

''જીવનમાં દરેક ક્ષેત્રે ઉતરોતર પ્રગતિ કરે એવા અંતરનાં આશિષ''

*Best Compliments from :* **K.D.M. Sweets**
**Manufacturers of Sweets & Toffees & Bubble Gum**
Block No. A-777/1553, Prem Nagar Tekdi, Ulhasnagar - 421 005, Dist. Thane (M.S.)
Tel.: 073508 84545 / 098196 28578

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 47/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ સમસ્ત કદઓ સમાજને વિકાસલક્ષી વ્યવસાયો તરફ વાળી સ્વાવલંબી અને પ્રગતિશીલ બનાવે.

પ્રકાશ સમીક્ષાના દીપાવલી પહેલાના અંકમાં જ્ઞાતિ પ્રકાશ તરફ જઈ રહી છે કે અંધકાર તરફ તેનું સરવૈયું કાઢતા જણાવેલું કે વિક્રમ સંવત ૨૦૭૧ના સમાપન સમયે જ્ઞાતિની સૌથી મોટી ભવિષ્યલક્ષી સફળતા એ છે કે એક નવા ધ્યેયવાળી મહાજન સંસ્થા પાછળની ભાવનાને અતિ અતિ આધુનિક સમોયોચિત રૂપ આપતી સંસ્થા માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે અને તેનું પ્રથમ અને સ્થાપનાની ઔપચારિક્તા પહેલાનું આયોજન કે.ડી.ઓ ગ્લોબલ સમિટ ઓન ઈન્ફરમેશન ટેકનોલોજી એન્ડ એમરજીંગ બિજનેશ સવાઈ સફળતાની દિશામાં આગેકૂચ કરી રહ્યું છે.

એટલે સૌ જ્ઞાતિજનોને વિક્રમ સવંત ૨૦૭૨ના સુપ્રભાતે સુખ-સમૃધ્ધિ-સ્વાસ્થભર્યા સમાજજીવનની શુભેચ્છા આપતા આ શુભેચ્છાને સાર્થક કરતા આ વટવૃક્ષ થવાની ક્ષમતાવાળા નવલા વિચાર બીજ તથા કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ રૂપે અંકુરિત થઈ ચૂકેલ કુંપળની વાત કરવી વધુ ઉચિત ગણાશે.

આ આયોજનની વિગતે વાત કરતાં પહેલાં તેની વિશેષતા જાણી લઈએ. ૧) સૌથી મોટો શુભ સંકેત એ છે કે આ આયોજન કચ્છ સ્તરીય વિકાસ પુરૂષ કચ્છના પ્રથમ સાંસદ અને જ્ઞાતિના પ્રથમ સંમેલનના પ્રમુખ શ્રી ભવાનજી અરજણ ખીમજીને સમર્પિત છે. ૨) બીજો શુભ સંકેત એ છે કે સામાન્ય આયોજનમાં તેના પહેલકર્તા અન્યોનો સહકાર પ્રાપ્ત કરે તે પછી તેને નક્કર રૂપ પ્રાપ્ત થાય પણ આ એવું આયોજન છે કે તેના સ્વપ્નશીલ્પીના મનમાં અવતર્યુ એની સાથે જ આકાર લેવા માંડયું અને તેની વિધિવત સ્થાપના તો જેની સફળતાનો તખ્તો ગોઠવાઈ ગયો છે એવા તેના પ્રથમ આયોજન કે.ડી.ઓ ગ્લોબલ સમિટમાં થશે.

એક અર્થમાં સમસ્ત જ્ઞાતિ માટેનું એન્જલ ગ્રુપ (દેવદૂત જૂથ) કામ કરતું થઈ ગયું છે જે ધીમે ધીમે પાંખ પસારીને આખી જ્ઞાતિના સ્વયં પ્રગતિ ન કરી શકનારાઓ માટે કાળજી લેનારા પ્રગતિશીલોના જૂથ ઊભા કરતું જશે. ૩) ત્રીજો શુભ સંકેત એ છે કે આ આયોજનને સર્વાંગીણ આર્થિક સ્પોન્સરશીપ મળી ચૂકી હોવાથી તે નિમિત્તે એકઠી થયેલી માતબર રકમ બીજ મૂડી (સીડ કેપિટલ) તરીકે રૂપાંતર પામી છે. ૪) ચોથો શુભ સંકેત એ છે કે આમ વ્યાપારી ધોરણે ચાલતી અને રોકાણકારોને ય સારો લાભ અપાવવા સાથે સામાજિક ફરજ બજાવતી કંપની માટેનું વૈચારિક યોગદાન આપી સૂચન વધાવી લેવાયું છે, જેને આપણે આ લેખના અંતભાગમાં આવતી અક્ષય તૃતીય સુધી જ્ઞાતિની ઈન્ફરમેશન ટેકનોલોજી કંપનીને કામ કરતી કરી શકાય કે નહીં. તેની વ્યવહાર ક્ષમતાની વિચારણારૂપે આગળ વધારશું.

સૌ પ્રથમ કચ્છના વિકાસ પુરુષની પ્રેરક સ્મૃતિ સાથેની સ્પોન્સરશીપ મળવાની વાત. આ અયોજન માટે શ્રી હંસ બી. ખીમજી દ્વારા તેમના પિતાશ્રી જેઓ પ્રથમ જ્ઞાતિ સંમેલનના પ્રમુખ તથા કચ્છના સંદર્ભમાં પ્રથમ સાંસદ તરીકે વિકાસ પુરૂષ હતા એવા પ્રેરક બહુમુખી વ્યક્તિત્વવાળા શ્રી ભવાનજી અરજણ ખીમજીની સ્મૃતિમાં સ્પોન્સરશીપ મળી છે.

આયોજનને અનુરૂપ પ્રેરણામૂર્તિ મળવા એ બહુ ખુશીની વાત છે. કચ્છના પ્રથમ સાસંદ તરીકે શ્રી ભવાનજી ભાઈએ શું કર્યુ અને કેમ કર્યુ તેની વિગતો જાણવાનું રસપ્રદ રહેશે. તેમણે કચ્છના નાના બંદરોનો વિકાસ કરવાનું ખેંગારજી ત્રીજાનું સ્વપ્નું આગળ વધારતા કચ્છ અને રાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય કંડલા બંદરની ભેટ આપી. તેમણે સૂચવેલી ગાંધીધામથી મુંદ્રા થઈ માંડવી સુધીની રેલ્વે પણ એક અર્થમાં એ બંદરોનો વિકાસ કરવા માટેની જ જોગવાઈ હતી. એ રેલ્વે થઈ હોત તો મુંદ્રાથી ભુજ જવાનું તથા માંડવીથી અબડાસા-લખપત-નખત્રાણા જવાનું બહુ સહેલું થયું હોત. ખેડે તેની

જમીનના સિધ્ધાંતના કચ્છમાં અમલ માટે ઠેરઠેર ખેડૂત સંમલેન યોજીને તથા નાની સિંચાઈ યોજનાઓ હાથ ધરવા સાથે ખેતપેદાશ આધારિત ઉદ્યોગો શરૂ કરાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. સાંસદ તરીકે તેમની આકરી કસોટી કચ્છ-ખાસ કરીને અંજારમાં આવેલા ભયંકર ભૂકંપ વખતે થઈ. પણ એક તરફ નહેરુજીને અંજાર તેડી લાવી અને આ ભૂકંપને રાષ્ટ્રીય કુદરતી આપતી જાહેર કરાવી સારી સહાય મેળવી તો તે બીજી તરફ લિજ્જતના પ્રેરણામૂર્તિ સર્વટં ઓફ ઈંડિયા સોસાયટીના આગેવાન છગનબાપાને નવું અંજાર તૈયાર કવાની જવાબદારી સોંપી એ કારમા કુદરતી આઘાતમાંથી તેઓ કચ્છને બહાર લાવી શક્યા.

તે વખતના કચ્છના આગેવાનોની દૃષ્ટિ કચ્છના વિકાસની તો વાત જવા દો પોતાના ગામના અમુક વિસ્તાર સુધી જ મર્યાદિત રહેતી. એ બધાને કચ્છના વિકાસની વાત કરતા તથા સપનું જોતા કરવા તેમણે પોતાના પરિવારના આર્થિક ટેકાથી ઠેકાણે ઠેકાણે ડિનર ડિપ્લોમસીની નીતિ અમલમાં મૂકી. ગામડાના બધા આગેવાનોને એકત્રિત કરી તેમણે એક તરફ જુદી જુદી કોમા વચ્ચેના ઝઘડા સુલટાવ્યા, સૌને પોતાના ગામની નહીં કચ્છના વિકાસની વાત કરતા કર્યા તથા સંભાવનાવાળા પ્રગતિશીલ કાર્યકરોને તાલુકા અને જિલ્લા સ્તરીય આગેવાન બનાવ્યા.

વિકાસનું એવું ભવિષ્યલક્ષી આયોજન કર્યુ કે એમની પછીના ત્રણ સાંસદને એવું કહેવા મજબૂર થવું પડયું કે અમે તો ભવાનજી ભાઈએ વાવેલો તથા ત્રણેક ફૂટનો છોડ થાય ત્યાં સુધી ઉછેરેલો કચ્છના વિકાસનો આંબો ઉછેરી રહ્યા છીએ તેનું રખોપું કરી રહ્યા છીએ.

કચ્છના તેમની પછીના સાંસદોએ પણ તેમના માર્ગે જ ચાલવાનું રાખયું પણ ભવાનજીભાઈ જેટલી દિલ્હીમાં વગ ન હોતાં ગાંધીધામ-મુંદ્રા-માંડવી રેલ્વે જેવા પ્રોજેક્ટ ન થઈ શક્યા અને નાના બંદરનો વિકાસ પણ ન થઈ શક્યો.

સંસ્થા કોગ્રસ અને ઈંદિરા કોંગ્રેસના ભાગલાપછી ઈંદિરા કોંગ્રેસે કચ્છ વિકાસ બોર્ડનો નારો બુલંદ કર્યો પણ તેઓ એમજ કહેતા કે ભવાનજી ભાઈએ શરૂ કરાવેલા વિકાસના કામો પૂરા નથી થઈ શક્યા એટલે કચ્છને વિકાસબોર્ડની જરૂર છે. કુશળ આયોજન કાર તરીકે તેમનો પ્રભાવ મૂળ કચ્છના જ હોઈ પોતાના સાયન્સ એન્ડ ટેકનોલોજી મિશનમાં તે વખતમાં વડાપ્રધાન રાજીવ ગાંધીને સમજાવી કચ્છને વિશેષ સ્થાન અપાવનારા સામ પિત્રોડા ચિત્રમાં ન ઉપસ્યા ત્યાં સુધી રહ્યો.

તેમણેજન્મભૂમિના પ્રકાશક સૌરાષ્ટ્ર ટ્રસ્ટને સમજાવી-કચ્છને "કચ્છ મિત્ર" જેવા અખબારની ભેટ આપી. જ્ઞાતિ સ્તરની વાત કરીએ તો ૧૯૩૦ના દાયકામાં જાહેરજીવનમાં પ્રવેશ્યા પછી કુશળતાને કારણે એક પછી ઉચ્ચ પદ મળતા ગયા તેનો લાભ જ્ઞાતિજનોને પણ થાય એ માટે સતત જાગૃત રહ્યા. તેથી જ સહજ રીતે પ્રથમ જ્ઞાતિ સંમેલનનું પ્રમુખપદ મેળવી શક્યા.

"પ્રકાશ" શરૂ કરનારા ઉગ્રતાભર્યા સમાજસેવકો અને મહાજનના વગદારો વચ્ચેની ટક્કરમાં પ્રકાશના ઉગ્રતાભર્યા સમાજસેવકોને પ્રકાશન બંધ કરવાની જાહેરાત કરવી પડી તે વખતે તેની વહારે આવેલા યુવા આગેવાનોમાં ભવાનજીભાઈ મુખ્ય હતાં. તેમણે પ્રકાશને વાર્ષિકથી માસિક બનાવવામાં પણ


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

અગત્યનો ફાળો આપ્યો.

જો કે છેલ્લે ભવાનજીભાઈએ પોતાના રાષ્ટ્રીય આદર્શવાદમાં ટનટનપુરાની મહાજનવાડી નિરાશ્રિતોને ટુંક સમય માટે આશ્રય આપવા જ્ઞાતિ પાસેથી અપાવડાવી પણ એ નિરાશ્રિતો વાડી જાણે એમની જઈ મિલકત એમ વર્તાવા લાગ્યા હોય એ બાબત જ્ઞાતિ તરફથી નારાજગીનો સામનો કરવો પડયો. વધુમાં અવાડી અધિવેશનમાં નહેરૂજીએ હવેથી કોંગ્રેસીઓ નાત-જાતની સંસ્થાઓથી દૂર જ રહેશે એવો આદેશ આપ્યો તેનું ભવાનજીભાઈએ ચુસ્ત પણે પાલન કર્યુ એથી પણ તેઓ જ્ઞાતિમાં થોડા અપ્રિય બન્યા.

જો કે કચ્છના વિકાસ પુરૂષ તરીકે તેમણે કરેલી કામગીરી બાબત સમસ્ત કચ્છના આગેવાનોતેમજ વિવિધ જ્ઞાતિ સંસ્થાઓ, આગેવાનો તેમને આજેય અહીં ભાવપૂર્વક સંભારે છે.

આવા પ્રેરક વ્યક્તિત્વની સ્મૃતિમાં કે.ડી.ઓ.ગ્લોબલ સમિટ સ્પોન્સર થયું તે એમના પરિવાર દ્વારા તેમને સાચી આદરાંજલિ ગણાય.

જરા વિચિત્ર જ વાત ગણાય કે ભૂતપૂર્વ ઈન્કમટેક્સ કમીશ્નર તિલકભાઈ લોડાયા(ચેન્નઈ)ની જહેમતથી થઈ રહેલા કે.ડી.ઓ.ગ્લોબલ સમિટ ઓન આઈ.ટી.એન્ડ એમરજીંગ બિજનેશને અસાધારણ આવકાર મળ્યો છે પણ આ સમિટિ જેની નિપજ છે એવા નીતિ-ઉડાનના ખ્યાલને સમજવા માટે જ્ઞાતિએ ખાસ જહેમત નથી લીધી.

અહીં આપણે તેના માત્ર વ્યવહારિક પાસાં પર ધ્યાન આપશું એ માટે આ પ્રકારની વિચારસરણીનો જ્ઞાતિમાં કઈ રીતે ક્રમબધ્ધ વિકાસ થયો તેનો ઈતિહાસ જોવો જરૂરી છે.

પહેલી વાત એ છે કે જો પ્રગતિ કરવી હોય તો આ સતત પરિવર્તનશીલ જગતની સાથે રહી વધુ સંભાવનાવાળા ધંધા-નોકરીની શોધ કરી તેની સાથે જોડાવવું જોઈએ.

ઈ.સ.૧૮૦૦ થી ઈ.સ.૧૯૦૦ સુધી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિએ આમ કર્યુ એટલે જ તે મુંબઈમાં પ્રવેશ વખતની માથાડી કામદારોની જ્ઞાતિમાંથી શાહ-સોદાગર તથા ઉચ્ચ શિક્ષિત વ્યવસાયકારોની જ્ઞાતિ બની આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકી.

આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરનારાઓએ વિવિધ મહાજનો અને સંસ્થાઓમાં આર્થિક ફાળો નોંધાવ્યો તથા તેમણે જરૂરતમંદો માટે કલ્યાણ યોજનાઓ શરૂ કરી.

અલબત્ત આમાં દેનાર હંમેશા દેનાર રહ્યો અને લેનાર સમુહ લેનાર. એટલે કેટલાક પ્રગતિશીલોએ જ્ઞાતિની યુવા પેઢીને ભણાવી પોતાની રીતે પગભર કરવા પર ભાર મૂક્યો.

અલબત્ત, આ યોજનામાં જે લોકો ભણેલા ન હોય, કે સમાજ દ્વારા તેમને ભણાવવાના જહેમતભર્યા પ્રયત્નો પછીય ભણવાનું અધવચ્ચે છોડે તેમનું શું થાય છે તે અંગે આ ભણાવવાના સાર્થકોએ ખાસ કંઈ કર્યુ નહીં. ભણાવીને સંતોષ માની લીધો.

વાસ્તવિક્તા એવી છે કે આ પધ્ધતિ પ્રમાણે વધુ ભણેલા વ્યવસાયિકો બન્યા કે ઉચ્ચ નોકરીયાતો બન્યા જ્યારે ખપ પુરતું ભણેલા સ્વયં રોજગાર કે સાહસની જરૂર હોય તેવા ધંધાઓ તરફ વળ્યા અને વધુ સમૃધ્ધ બન્યા.

આ બધી વસ્તુઓ ધ્યાનમાં લઈએ તો જ્ઞાતિ અને રાષ્ટ્ર ઈતિહાસના અત્યારના તબક્કે માત્ર ભણાવવાથી કંઈક વિશેષ કરવાની જરૂર અવશ્ય જણાવવાની આ આવશ્યકતા જાણ્યા બાદ એ બાબત કંઈક કરવાનો પ્રયત્ન એટલે જ નીતિઉડાન.

સૈદ્ધાંતિક રીતે તેમાં ઘણી બધી બાબતોનો સમાવેશ થાય પણ જો વ્યવહારની દ્દષ્ટિએ જોઈએ તો આનો અર્થ છે જ્ઞાતિજન સારું ભણેલ હોય કે ઓછું ભણેલ બધાને લાંબો સમય સુધી સારા વળતરવાળા ધંધા-વ્યવસાયકે નોકરીઓ તરફ વાળવા. જેથી તે લોકો સ્વાવલંબી જીવન જીવે સમાજને તેમની ચિંતા ન કરવી પડે.

પ્રસ્તુત પ્રશ્ન છે આ કામ કેવી રીતે કરી શકાય. તો જવાબ છે જ્ઞાતિજનોને હાલ લાંબા સમય સુધી સારૂં વળતર આપતા ધંધા-વ્યવસાય-નોકરી કયા છે તેની માહિતી આપી અને તેમાં ગોઠવાવા માટે મદદરૂપ થતું માળખું ઊભું કરીને. બસ આજ કરવાનું છે, થવાનું છે. નીતિ ઉડાનના વ્યવહારિક પક્ષ રૂપે. બૅગ્લોરના કેડીઓ ગ્લોબલ સમિટમાં આયોજકોએ હાલના તબક્કે લાંબા સમય સુધી આઈટીનો ઉપયોગ કરતી સારું વળતર આપતા માનેલા ઈન્ફરમેશન ટેકનોલોજી, વિશાળકાય ટ્રાન્સપોર્ટ કંપની, બાંધકામ, ફિલ્મ નિર્માણના વિવિધ પાસાં, મનોરંજન ક્ષેત્ર, સરકારની અગ્રતા સાથે અનુરૂપ વેપાર વણજ, જેના નિષ્ણાતો એ આ ક્ષેત્રોનું મહત્વ સમજી શકે તેવા દેવદુતો (જ્ઞાતિના પ્રતિકુળતામાં જીવનારાઓને અનુકુળતા તરફ દોરી જવાનું દેવી કર્તવ્ય સ્વીકારનારાઓ)ને પોતાનું કર્તવ્ય બજાવવા કેળવવા માટે સજ્જ કરશે. આયોજકોની આવી યાદીમાં કદાચ શેરબજારમાં સંશોધનથી સલામત લાંબા ગાળાનું રોકાણ તથા વધતા જતા

આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધી કાગળિયા કરવા-ગોદીમાંથી માલ છોડાવવો વગેરે પણ હશે પણ હજુ સુધી તેના નિષ્ણાતોએ હકારાત્મક જવાબ આપ્યો નથી તેથી જાહેરાત નથી થઈ.

અગાઉ ત્રીજા સારા સંકેત તરીકે સ્પોન્સરથી મળતા બચેલા ફાળાની વાત કરી તે બાબત વધુ વાત કરવાને બદલે ખુશી વ્યક્ત કરવાની જરૂર હોય.

ચોથા શુભ સંકેત આ પ્રક્રિયામાં જ્ઞાતિની ઈન્ફરમેશન ટેકનોલોજી કંપની (આમ વ્યાપારી ધોરણે કામ કરતી અને આમ સામાજિક હેતુ પૂર્તિ માટે કામ કરતી) કંપની સ્થાપવા માટેનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે ખરો ? બાબત પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

આ સમિટ સાથે સંકળાયેલા ઈન્ફરમેશન ટેકનોલોજીના વિવિધ પાસાંના નિષ્ણાતોની વાત કરીએ તો એ બધા આવી કંપનીને બહુમુખી અને સધ્ધર બનવાતા ગુણોથી સભર છે. દાખલા તરીકે :

(અ) આખા વિચારના પ્રવર્તક તિલકભાઈ સરકારી તંત્ર ઈન્ફરમેશન ટેકનોલોજી દ્વારા કેવી રીતે કામકાજને લોકલક્ષી બનાવી શકે તેનો જાત અનુભવ ધરાવે છે. તેમણે ભારત જેવા વિશાળ દેશના અનેક ગુંચવણમાં ફસાયેલા આવકવેરા ખાતાના અટપટા તંત્રને સરળ અને સમયોચિત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

તેઓ આ કંપનીની થીંક ટેંક તરીકે સરકારી તંત્રના કમ્પ્યુટીકરણમાં મદદરૂપ થનાર નિષ્ણાતોના ગ્રુપને વૈચારિક વ્યવસાયિક રીતે સજ્જ કરી શકે જેના કારણે કંપની સરકારી અધિકારીઓને તેમના વિભાગના કમ્પ્યુટરીકરણ માટે સજ્જ કરવાના કોન્ટ્રાકટ લઈ શકે.

(બ) આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા બીજા નિષ્ણાત છે કિરીટ શાહ (મુનવર). તેઓ નાની બેંકના કમ્પ્યુટરીકરણ દ્વારા લોકો ગ્રાહકોને અપાતી સેવાની ગુણવત્તા સુધારવાનો અરિહંત બેંક સાથે સંકળાયેલ હોવાથી જાત અનુભવ ધરાવે છે. એવી ઘણી નાની બેંકો ખાસ કરીને સહકારી બેંકો છે જેને કિરીટભાઈના હાથ નીચે તૈયાર થયેલા નિષ્ણાતો પ્રોફેશનલ સેવા આપી શકે.

(ક) આઈ આઈ ટી સાથે સંકળાયેલા રહી કિરણ સોમ મોમાયા જ્ઞાતિની કંપની માટે વિદ્યાર્થીઓને આઈ ટી ક્ષેત્રે સફળ કારકીર્દી કેમ બનાવવી તથા તેમાં શૈક્ષણિક અભ્યાસક્રમમાં ન શીખવાતા આઈટી ક્ષેત્ર સંશોધનના છેલ્લામાં છેલ્લા સુધારા વધારાથી પરિચિત કરવાનું કામ વ્યવસાયિક રીતે સ્વીકારી શકે.

બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાતિની ઈન્ફરમેશન ટેકનોલોજી માટેની થીંક ટેંક તૈયાર છે. રોકાણકારોનું સમર્થન મેળવું પડે કેમ કે મુંબઈમાં ૧૦૦૦ ચો ફૂટ, બેંગ્લોરમાં ૨૦૦૦ ચો.ફૂટની ઓફિસ લેવા ચારેક કરોડ રૂપિયા જોઈએ, તેવી જ રીતે પુરતી આવક થાય ત્યાં સુધી પગારો ચૂકવવા એકાદ કરોડ રૂપિયા જોઈએ. જ્યાં સુધી આ સંભવિત ખર્ચના પૈસા આપવાના ન થાય ત્યાં સુધી આ એક કરોડ રૂપિયા સારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકી વધારાની આવક થઈ શકે.

ઈન્ફરમેશન ટેકનોલોજીએ એક બીજાની સખી હોવા સાથે વિરોધી મનાતી લક્ષ્મી અને સરસ્વતિને સાથે લાવી દીધા છે. તેથી બધા જ્ઞાતિજનોને લાભકારી લાંબા ગાળા સુધી સારું વળતર આપનારા વ્યવસાયોમાં લઈ જવા હોય તો તેની શરૂઆત ઈન્ફમેશન ટેકનોલોજીથી થવી ઉચિત ગણાય.

આમ કરવાથી જ્ઞાતિના પ્રતિભાવંતોને તેઓ કેળવાતા હોય ત્યારથી ટેકો આપવાનું તથા સજ્જ થયા બાદ સારા ક્ષેત્રમાં સ્થિર કરવાનું શક્ય બનશે.

આશા જ નહીં શ્રધ્ધા રાખીએ કે સવંત ૨૦૭૧ના સમાપને થયેલ આ પહેલ સંવત ૨૦૭૨માં લાભકારી વ્યવહારુ યોજનામાં પલટાય તથા સમસ્ત કચ્છી દશા ઓસવાલ સમાજને વિકાસલક્ષી વ્યવસાયો તરફ વાળી સ્વાવલંબી અને પ્રગતિશીલ બનાવે.


## શ્રી મોમાઇ માઁ નાગડા પરિવાર યુવક મંડળ (રંગપુર)

ગામ રંગપુર (હાલાર) મધ્યે બિરાજમાન નાગડા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ચોથી સમુહ પહેડી **રવિવાર તા. ૧૭-૧-૨૦૧૬**ના સવારે ૮ કલાક થી **શુભમંગલ કાર્યાલય બાટા શોરૂમની ઉપર, ભાજી માર્કેટ, ડોંબિવલી (ઇસ્ટ)** મધ્યે આયોજીત કરેલ છે.

આ શુભ પ્રસંગે નાગડા પરિવારના સર્વ ભાવિકો તેમજ નિયાણી બહેનોને સહ પરિવાર ભક્તિ-દર્શન-આરતી-પ્રસાદનો લાભ લેવા સ્નેહભર્યુ આમંત્રણ છે.

**નિમંત્રક**

શ્રી મોમાઇમા નાગડા પરિવાર યુવક મંડળ
માતૃશ્રી ગુણવંતીબેન વેલજી નાગડા પરિવાર

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ

# KDO KLASSIK SAMAJ UTKARSH NIDHI

**MANAGED BY : KDO KLASSIK - MUMBAI** REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT. 1860 (REGN. NO. : 1374 OF 1998)

C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 1ST FLOOR, 276, DR. DADABHOY NAWROJI ROAD, MUMBAI - 400 001

□ PHONE :2219 8500 □ FAX : 2205 5556 □ E-MAIL : kdoklassik.nidhi@gmail.com

**"કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધી"** મેડીકલ ક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે નીમ્નલિખીત અભિયાન ચલાવી રહી છે. જેનો મુંબઈ, બહારગામ તથા કચ્છમાં વસતાં જ્ઞાતિજનો લાભ લઈ રહ્યા છે. સંપૂર્ણ ખાતરી, વિશ્વાસ અને નિ:શુલ્ક સેવાથી સંતુષ્ટ હર કોઈ લાભ લેનાર જ્ઞાતિજને સંસ્થાને ખુબ જ બીરદાવી છે.

## : આંખ (પ્રથમ દ્રષ્ટિ અભિયાન):

આંખમાં કાપો નાખ્યા વગર ટાંકા રહિત અદ્યતન **PHACOMULSCATION** (લેસર) પધ્ધતિથી આંખમાં **IMPORTED LENS** બેસાડવામાં આવે છે. મોતિયા ઉપરાંત ત્રાંસી આંખ (બાડાપણું), પાપણના ઓપરેશન તથા આંખની અન્ય તકલીફ માટેની સારવાર આપવામાં આવે છે.

## : દાંત (દંત ચિકિત્સા અભિયાન):

દાંત કાઢવા, દાંત પર ક્રાઉન / બ્રીજ બેસાડવા, રૂટ કેનાલ, દાંતની સફાઈ, દાંતની બત્રીસી, દાંતની અન્ય તકલીફ માટેની સારવાર આપવામાં આવે છે.

## : કાન-નાક-ગળું (ENT અભિયાન):

કાને સાંભળવાની તકલીફ (બહેરાશ) ધરાવતા જ્ઞાતિજનો માટે કાનની પાછળ પહેરી શકાય (**BTE**) તેવા શ્રવણયંત્ર (**HEARING AID**) આપવામાં આવે છે. ઉપરાંત નાક-કાન અને **TOUNGUE-TIE** ના સફળ ઓપરેશન કરવામાં આવેલ છે.

## : કચ્છમાં આંખના ઓપરેશન :

કચ્છમાં વસતા જ્ઞાતિજનોને સારવાર માટે મુંબઈ સુધી આવવું ન પડે તે ધ્યાનમા લઈ ગયા વર્ષથી કચ્છ સ્થિત બીદડા હોસ્પિટલમાં લેઝર પધ્ધતીથી આંખના ઓપરેશન શરૂ કરેલ છે.

## : વીરાયતન વિદ્યાપીઠ સ્કોલરશીપ:

કચ્છમાં વસતા વિદ્યાર્થીઓને સારૂં શિક્ષણ મળી રહે એ શુભ ઇરાદાથી દર વર્ષે પાંચ વિદ્યાર્થીઓને વીરાયતન વિદ્યાપીઠમાં સંસ્થા તરફથી દાખલ કરી વર્ષ દરમીયાન ભણતર તથા રહેવાની સંપૂર્ણ જવાબદારી સંસ્થા ઉપાડશે. દાનની શૃંખલામાં વિદ્યાદાન ઉત્તમ દાન છે.

ઉપરોક્ત સર્વે અભિયાન નિ:શુલ્ક છે. ભારતમા ગમે તે રાજ્ય કે ગામમાં વસતા જ્ઞાતિજન ઉપરોક્ત સંસ્થાના સરનામે એક પોસ્ટકાર્ડ કે પત્ર લખી મોકલશો તો ઘરે બેઠા સર્વે માહીતી મળી જશે.

જ્ઞાતિ હીતની ભાવના જેના હૈયે રહેલી છે એવી આ સંસ્થાને આપની સેવા કરવાનો લાભ જરૂરથી આપશોજી. જેથી સંસ્થાને ઉત્તરોતર નવા સોપાન સર કરવા નવું જોમ અને નવી શક્તિ મળશે.

## : અમારા સરનામામાં ફેરફાર:

અમારી વહીવટી ઓફિસ વિલેપાર્લાથી ફોર્ટમાં ખસેડવામાં આવી છે. હવેથી પત્રવ્યવહાર ઉપર દર્શાવેલ ફોર્ટના સરનામે કરવા ભલામણ છે.

**નૂતન વર્ષાભિનંદન**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**જયદર્શિતા મહારાજ સાહેબ**

**પ્રશ્ન - કોઈના કહેવાથી એક વખત ચોથના સંવત્સરી પ્રતિક્રમણ કરીએ તો પછી ફરીથી પાંચમના સંવત્સરી પ્રતિક્રમણ થાય કે નહિં ?**

ઉત્તર - કોઈના કહેવાથી અજ્ઞાનના કારણે આપણે ચોથના સંવત્સરી કરી હોય પછી આપણને જ્ઞાન થાય કે પાંચમ સાચી છે અને પાંચમ જ ભગવાન મહાવીસ્વામિએ કહેલી અને સ્વયં કરેલી આચરેલી છે. તો સત્યમાર્ગે ફરી પાછા વળવું જ જોઈએ. સવારનો ભૂલ્યો સાંજે ઘરે પાછો ફરે તો ભૂલ્યો ભૂલ્યો નથી કહેવાતો એવી જ રીતે ભૂલથી ચોથ કરી તો ફરી પાંચમ અવશ્ય કરી શકાય છે. કોઈ તમને કહે કે પાંચમની ચોથ થાય પણ ચોથની પાંચમ ન કરી શકાય તો તેના માટેનો જવાબ એમ છે કે -

❖ ચોથના બદલે પાંચમ કરવા છતાં પણ ૩૬૦ દિવસ ઓળંગાતા નથી.

❖ ઘણી વાર ચોથ-પાંચમ ભેગા આવતા હોવાથી તેમાં કોઈ દોષ સંભવતો નથી.

❖ અધિક માસ આવે ત્યારે સંવત્સરી પ્રતિક્રમણ (૧૩) તેર મહિને પણ કરાય છે.

❖ જિનાજ્ઞાનું પાલન થવાનો મોટો લાભ થાય છે અને જિનાજ્ઞાની વિરાધનાથી બચીજવાથી મહા પાપમાંથી


॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**

**કાર્યાલય : C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**કેલેન્ડર ૨૦૧૬**

**પ્રીન્ટીંગ ક્ષેત્રે સંકળાયલા જ્ઞાતિના સર્વ વ્યવસાયિકોને જ્ઞાતિના કેલેન્ડર પ્રીન્ટીંગ કરી આપવા નિમંત્રણ છે.**

**સંખ્યા : અંદાજે ૭૦૦૦/-, રંગીન, પાછળની બાજુ સીંગલ કલર, આર્ટ પેપર 170 GSM, 12" x 18" સાઈઝ.**

**સમયબધ્ધ, સારી ગુણવત્તા સાથે સ્પર્ધાત્મક દરે મુદ્રણ કરી આપવા આપના કોટેશનો કાર્યાલયે બંધ કવરમાં તા. ૦૫/૧૨/૨૦૧૫ સુધી મોકલી આપવા અનુરોધ છે.**

**જ્ઞાતિજનોને આહવાન**

**ગત વર્ષની જેમ કેલેન્ડર કેમ વધુ ઉપયોગી બની શકે તે માટે આપના સુચનો આવકાર્ય છે. તેમજ આપના ધંધા-વ્યવસાયની જા.ખ. કે સૌજન્ય રૂપે સહયોગ આપી સહકાર આપશોજી.**

**મહાજનો ને પ્રતિનિધી ચુંટી મોકલવા વિનંતી.**

૧ એપ્રીલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૨૧ માટે મહાસમિતીના પ્રતિનિધીઓ વસતિના આધારે ચુંટી મોકલવા આપને પત્રો પાઠવાયેલ છે. તેમ છતાં ન મળેલ હોય, વિલંબ થયો હોય તો સંપર્ક સાધવા વિનંતી.

સેક્રેટરી જનરલ - **ચીમન મોતા**

# શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૨/૧૧/૧૯૨૮

દેહવિલય :
તા. ૧/૧૧/૨૦૧૫

## સ્વ. શ્રી રતિલાલ ડુંગરશી નાગડા

(ગામ : નલિયા, હાલ : આગાશ, ગુજરાત)

**સર્વે સદ્ ગુરૂ ચરણોતે, ત્યાગીએ દઈ નિજપક્ષ**
**પામે પરમાર્થને, નિજપદ નો લે લક્ષ,**

સદ્‌ગુરૂના પરમ ભક્ત આર.ડી શાહ નામ થી પ્રખ્યાત એવા અલૈપઈ વાલા સૌના લાડકા અને સેવાભાવી અમારા પૂજ્ય ભા થોડા દાયકાથી આગાશમાં પરમ પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમમાં પ્રભુની ભક્તિ અને ભાવનામા લીન થયા, દિવસ રાત ગુરૂદેવની ભક્તિમાં મગન હતા.

અચાનક એક દિવસ બપોરે ૩ વાગ્યે પ્રભુની ભક્તિ કરતા કરતા ચિર સમાધિમાં લીન થઈ ગયા. જીવન એવું જિવ્યા કે મૃત્યુ અમર થઈ ગયું. આપની પ્રેમાળ સ્મૃતિ જીવંત રહેશે, અમ હૃદયમાં.

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરશાંતિ આપે એજ પ્રાર્થના.

### શ્રધ્ધાંજલિ આપતો આપનો પરિવાર

ધર્મપત્ની : શ્રીમતી મધુરીબેન
પૂત્ર-પૂત્રવધૂ : શ્રી જીતેન્દ્ર અને સ્વ. શ્રીમતી મંજુલા, ભરત-લેખા, મધુકાંત-વીણા, સ્વ. દિલીપ - શ્રીમતી કૈલાશ
પૂત્રી-જમાઈ : શ્રીમતી તારીકા - શ્રી રાજેન્દ્ર વિકમશી
પૌત્ર-પૌત્રવધૂ : ચિ. હેમંત-સલોની, હર્ષિત-પૂજા, મિલન-સ્નિગ્ધા, ધર્મેશ-કૃપાલી, વિશાલ - પ્રિયદર્શિની, મિલેશ

આપણે બચી જઈએ છીએ.

❖ અપવાદ દૂર થતાં ફરી ઉત્સર્ગ માર્ગે આગળ વધવું જ જોઈએ. અપવાદનું સેવન સદા માટે નથી કારણે આદરાય પણ પછી મૂળમાર્ગે આવવાનું જ હોય છે.

❖ એમ કરવામાં જ આત્મ કલ્યાણ છે.

❖ આપણે અજ્ઞાનતાથી જેટલી ચોથની સંવત્સરી કરી હોય એની આલોચના લઈ શુધ્ધ થઈ જિનાજ્ઞા પ્રમાણે ભાદરવા સુદ પાંચમની સંવત્સરી કરવાની છે.

પ્રશ્ન - અચલગચ્છમાં સાધુ-સાધ્વીજી ભગવંત શ્રાવક-શ્રાવિકાને સાથે પ્રતિક્રમણ કેમ કરાવતા નથી ?

ઉત્તર- અચલગચ્છ આગમના ચિંધેલા માર્ગે ચાલનાર ગચ્છ છે. એની સંપૂર્ણ સમાચારી આગમ માન્ય છે. આગમ સાધુ અને શ્રાવકના પ્રતિક્રમણ જુદા જ જણાવે છે. પહેલા અન્ય ગચ્છોમાં પણ સાધુ અને શ્રાવકના પ્રતિક્રમણ જુદા જ હતા. આ સર્વ આચાર્ય માન્ય નિર્વવાદ સત્ય છે. ધીમે ધીમે આગમની શુધ્ધ આચરણાઓ લોપાતી ગઈ અને પછીથી થયેલા આચાર્યો એમાં ફેરફઅર કરતા ગયા. અચલગચ્છ આગમમાન્ય આચરણાઓને વળગી રહેલો છે. એનું શુધ્ધ પાલન કરવા પ્રયત્નશીલ છે.

પ્રથમતો વિચાર કરીએ તો સમજાય કે સાધુના પાપ જુદા છે....સાધુને લાગતા દોષો ભિન્ન છે. એનો નિત્યક્રમ જુદો છે (દા.ત.સાધુ દાન આપે તો દોષ લાગે. શ્રાવકનું તે કર્તવ્ય છે.) આવા અનેક વિધાનો કરી શકાય. શાસ્ત્રોએ સાધુ અને શ્રાવક માટે ચૈત્યવંદનાની વિધિ પણ ભિન્ન જણાવી છે. આવા સમયે સાધુ અને શ્રાવકનું પ્રતિક્રમણ સાથે કેમ સંભવી શકે ?

સાધુ સ્વતંત્ર હોય. પ્રતિક્રમણનો સમય થાય એટલે પોતાનું પ્રતિક્રમણ (પોતાની ક્રિયા) કરી લે. શ્રાવક જ્યારે આવે ત્યારે સાધુ પ્રતિક્રમણ કરે આવો પ્રતિબંધ સાધુને હોય નહિં શ્રાવકોની આવી પરાધીનતા સાચા સાધુ માટે યોગ્ય જ નથી. સાધુ તો આનંદઘનજી યોગીરાજનો વારસાદાર છે.

છ આવશ્યકમાં પણ સાધુને પાંચ જ આવશ્યક કરવાના હોય છે. સામાયિક લેવા પારવાની વિધિ એમને હોય નહિં. સાધુને પોતાના ચારિત્ર શુધ્ધી માટે દિવસમાં નવ વખત કરેમિ ભંતે ઉચ્ચારવાની હોય છે. જેમાંથી ત્રણ વખત રાઈ-દેવસિ નવ પ્રતિક્રમણમાં એ ઉચ્ચરાવે છે તેવા ત્રણ-ત્રણ વાર વધારે કરેમિ ભંતે લેવાની બે ઘડીનો સામાયિક કરનાર શ્રાવકને શું આવશ્યકતા છે? શું પ્રતિક્રમણ સિવાયના સામાયિકમાં એ વચ્ચે વચ્ચે ત્રણવાર કરેમિ ભંતે ઉચ્ચરાવે છે ?

અચલગચ્છની સમાચારી આગમ અનુસાર જ છે એની સાક્ષી શ્રાવકના ચોથા આવશ્યકના લઘુ અતિચાર છે. આ લઘુ અતિચાર "ઉપાસ દશાંગ" નામના આગમમમાંથી સીધા લેવામાં આવ્યા છે. આનંદ શ્રાવકને પ્રભુ મહાવીર શ્રાવકના બાર વ્રતો અને અતિચાર સમજાવે છે એ માંથી લીધેલા છે. "ઉપાસક દશાંગ" આગમમાં પચ્ચાશી અતિચાર જ કહેલા છે. જે પણ અચલગચ્છ વિધિમાં જણાવ્યા મુજબ છે. આગમ માન્ય છે.

કેટલાક ગચ્છોમાં તો છઠ્ઠા આવશ્યકમાં પચ્ચક્ખાણ પણ લેવામાં આવતું નથી. છ આવશ્યક પણ સચવાતા નથી. કેટલાક પચ્ચક્ખાણ લે છે તો તે આગમ માન્ય દસ પચ્ચક્ખાણમાં નથી એવા પણ પચ્ચક્ખાણ ચલાવે છે. આવી અવિધિ વિધિનો કટ્ટર પક્ષપાતી વિધિપક્ષના નામે ઓળખાતો અચલગચ્છ તો ન જ કરી શકે.

પ્રતિક્રમણ સામાયિક ને પારવાનો વિધિ અલગ અને બે ઘડીના સામાયિકને પારવાનો વિધિ અલગ. સામાયિક પારવાના વિધિમાં પૌષધમાં કરાતા ચૈત્યવંદનનો સમાવેશ. આવી બધી ગડબડો ગીતાર્થના નામે ચાલતી હોય, આગમની જિનાજ્ઞા પડખે રખાતી હોય, આવી સમાચારીને કયો ભવભીરૂ જીવ સ્વીકારી શકે ?

આપણે તો એવી માન્યતા ધરાવીએ છીએ કે જિનાજ્ઞામાં એક પદ અક્ષર પણ ઓછા-અધિકો, હળવો-ભારી બોલીએ તો પણ દોષ લાગે તો આવી રીતે આગમોક્ત વિધિઓમાં ફેરફાર કરતાં દોષ ન લાગે ? અતિવિચારણીય બાબત છે.

સાધુ-શ્રાવકના પ્રતિક્રમણ સાથે કરવાની પધ્ધતિ જિન શાસનમાં ક્યારે પ્રવેશી તે આગળ વિચારીશું. (ક્રમશઃ)


## જોઈએ છે

**મુંબઈ ઓફીસ માટે એકાઉન્ટન્ટ - ૧, બી.કોમ ભણેલ, જનરલ કોમ્પ્યુટર જાણકાર ઈચ્છુક અરજીદારે પોતાના બાયોડેટા jaymantextiles@gmail.com ઉપર મોકલવા.**

**જયમન ટેક્સટાઈલ (પ્રા) લીમીટેડ**

**બી/૭, રોયલ ઈન્ડ એસ્ટેટ, ૫/બી, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ - ૪૦૦ ૦૩૧.**

## પ્રથમ પુણ્ય તિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી મયુર ખીમજી રાયશી લોડાયા

(બાંડીયા - મુલુન્ડ)

જન્મ : તા. ૦૫/૦૬/૧૯૬૫

અરિહંત શરણ : તા. ૧૫/૧૧/૨૦૧૪

**આપ જીવન એવું જીવી ગયા કે સદા સૌ યાદ કરે,**
**કર્મો સદા એવા કર્યાં કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,**
**પરકાજે તમે સમગ્ર જીવન સમાજને સમર્પિત કર્યું,**
**ઈશ્વરને આ શું સુઝ્યું કે અમ રતન ને છીનવ્યું...**

કુટુંબ પરિવારના હતા તમે પરમ સેવક
સંઘ સમાજનાં હતા તમે ઉત્તમ સમાજ સેવક
તમારા સંગે સ્નેહથી ભીંજાયું અમારૂં મન
અર્ધ વચ્ચે છોડી ગયા તમે અમારો સંગ...
પરમ કૃપાળુ પરમાત્માને નમ્ર અરજ અમારી
તમારા અમર આત્માને મળે સદા ચીર શાંતિ...

લિ.

**માતુશ્રી લક્ષ્મીબાઈ રાયશી શામજી લોડાયા પરિવાર**
(બાંડીયા)
**માતુશ્રી ઝવેરીબેન હીરાચંદ ખીમજી મોમાયા પરિવાર**
(ડુમરા)

### ધન્ય ગુરૂદેવને




પરમ પુજ્ય ગુરૂદેવ ધર્મ પ્રભસાગરજી મ.સા., પ.પૂ. મુનિ શ્રી રાજશેખરસાગરજી મ.સા. તથા પ.પૂ. મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.ને વંદન કરવાને તથા પુદ્ગલ વોસિરાવાની ક્રીયા પ્રસંગે કોચીન સંઘના આમંત્રણને માન આપી ત્યાં જવાનું થયું. જે પણ ભાગ્યશાળીઓ આ ક્રીયામાં ભાગ લેવાના હોય તેમણે તે દિવસે 'આયંબીલ' કરવાનું હતું. પુ. મુનિ ભગવંતોને તે દિવસે ૪૦૭ આયંબીલ સંઘમાં થાય એવી ભાવના હતી. પણ સંઘે તો ૪૮૮ આયંબીલ આપીને ગુરૂઋણ અદા કર્યું. ધન્ય છે કોચીન સંઘ અને ધન્ય છે તપસ્વીઓ.

મુનિ ભગવંતોની પુદ્ગલ વોસીરાવાની ક્રીયા સમજાવવાની શૈલી એટલી સરળ હતી કે એક એક શબ્દ સ્પષ્ટ રીતે અર્થ સહિત સમજાતું હતું. તેઓશ્રીએ બધાના ભાવોભવના પુદ્ગલોને વોસીરાવ્યા અને મિચ્છામી દુક્કડમ કરાવ્યું.

આયંબીલની વ્યવસ્થા પણ એટલી સરસ હતી કે આપણે આયંબીલ કરાવનાર ભાગ્યશાળી પરિવાર અને કોચીન સંઘના કાર્યકર્તા સામે નત મસ્તક ઝૂકી જઈએ.

પ્રભુ કોચીન સંઘને હજુ પણ વધારે ને વધારે શક્તિ પ્રદાન કરે અને આવા શાસનના કાર્યો જે સંપથી બધા જ સમાજ સાથે મળીને કરી રહ્યા છે તેમા સહાય કરે.

**- લી. સંગીતા વસંત પોલડીયા - બડગરા.**

### દાંડીયા રાસના અજબ ખેલાડી

મોટી ઉંમરે પણ આઝાદનગર નવરાત્રી મહોત્સવમાં દાંડીયા રાસ હરીફાઈમાંસુશીલાબેન નવીનચંદ્ર ધરમશી ઉં. વર્ષ ૭૩ તથા જોડીમાં ઈલાબેન બારોટ ઉં વર્ષ ૬૬ ને પહેલુ ઈનામ મળેલ છે.બંને બહેનો દર વર્ષે નવરાત્રીમાં ઈનામ મેળવે છે. આટલી ઉંમરમાં પણ રમવાનું કેટલું જોશ છે. ૫૫ વર્ષથી સુશીલાબેન ધરમશી આટલી મોટી ઉંમરમાં પણ ઈનામ મેળવે છે.

- વડાલાવાસી


**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

## રજત જયંતી નિમિત્તે શ્રી શાંતિજિન ગ્રુપ દ્વારા જ્ઞાન સંસ્કાર પર્વ

### ગુરૂ-ભગવંતોની નિશ્રામાં વિવિધ ધાર્મિક શિબિરોનું આયોજન થયું

રજત જયંતી ઉજવણી નિમિત્તે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈએ ગુરૂવાર, ૧૨ નવેમ્બર, ૨૦૧૫ના રોજ જ્ઞાન સંસ્કાર પર્વનો શુભારંભ મુલુંડના શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસરમાં થયો હતો. સાહિત્ય સમ્રાટ સૌમ્ય સ્વભાવી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં આયોજિત આ કાર્યક્રમનો સમાજશ્રેષ્ઠિઓ, દાતાઓ અને મહેમાનોએ દીપ પ્રજ્જ્વલનથી શુભારંભ કર્યો હતો. પર્વના સહયોગી દાતા શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર (લાખણિયા-વડાલા) તથા એક સદગૃહસ્થ પરિવાર (મુંબઈ) છે.

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના સહયોગથી આયોજિત આ પર્વ ૧૨ થી પચ્ચીસ વરસના યુવાનો માટે યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન આયોજિત જીવનનું ઘડતર, ધર્મ અને જ્ઞાનનું નિરુપણ કરતી સંસ્કાર ઘડતર શિબિરમાં ઉપસ્થિત સૌ બાળકો અને યુવાનોએ ગુરુ-ભગવંતોના પાવન વ્યાખ્યાનોનો લાભ લીધો હતો. પર્વનો પૂર્ણાહુતિ કાર્યક્રમ બુધવાર, તા. ૧૮ નવેમ્બર ૨૦૧૫ના રોજ સવારે યોજાયો. અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ અને સમાજસેવકો દ્વારા શિબિરાર્થી બાળકો અને યુવાનોનું સન્માન અને અભિવાદન થયું.

### અરિહંત બેંકનો કારભાર હવે નવા બાય લો પ્રમાણે

અરિહંત બેંકનો કારભાર હવેથી આરબીઆઈ ની નવી માર્ગદર્શિકા પ્રમાણે બનાવાયેલ નવા બાય લોઝ પ્રમાણે ચાલશે.

આ નવા બાય લો રૂા ૨૫ના ૪૦ શેર એટલે કે રૂા. ૧૦૦૦/- નું રોકાણ જરૂરી છે. તેવી જ રીતે સભ્ય પદના લાભ લેવા ખાતામાં રૂા. ૫૦૦/- ની લઘુત્તમ રકમ ભરેલી હોવી જોઈએ. અન્યથા સભ્યપદ આપોઆપ ચાલ્યું જશે. જોકે થોડા સમય માટે આમાં છુટછાટ મળી શકે તેમ છે.

નવા બાય લો પ્રમાણે ડાયરેક્ટર પદ માટે ઊભા રહેવા ૪૦૦ શેર એટલે કે રૂા. ૧૦૦૦૦/- નું રોકાણ જરૂરી છે. વધુમાં ડાયરેક્ટર બનનારે ડાયરેક્ટરશીપની મુદત દરમિયાન રૂા. ૫૦૦૦૦/- ની ડિપોઝીટ રાખવી પડશે.

જાણકારોના મતે આ નવા બાય લોઝના કારણે અરિહંત બેંકની આવનારી ચુંટણી વધુ રસાકસી ભરી ભરી બની શકે છે.

મતદાન કરવા ઇચ્છનારા કે ડાયરેક્ટર બનવા ઇચ્છનારને આ બાય લોઝના કારણે અડચણ ઊભી થાય તે પહેલાં સૌએ આ બાયલોઝની જાણકારી મેળવી મતદાન કે ઉમેદવારી કરવા સજ્જ થઈ જવું રહ્યું. આમાં મતદાન કરવા થોડી છુટછાટ મળી શકે પણ ઉમેદવારી કરનોરે તો બાય લાઝ નુ ચુસ્તપણે પાલન કરવું પડશે.

### બીજી પુણ્યતિથી નિમિત્તે આદરાંજલિ



જન્મ :
૧૪/૧/૧૯૪૯
સાંધવ

ચીરવિદાય :
૧૨/૧૧/૨૦૧૩
ગાંધીધામ

**વીરચંદ લાલજી (લોડાયા) પટેલ,** સાંધવ

આપની વિદાયના બે વર્ષ બે-યુગ જેવા વિત્યા છે.

-: આપના શોકાતૂર પરિવાર :-

પત્ની : **જયાબેન વીરચંદ પટેલ (લોડાયા)**
પૂત્રી : **જયશ્રી વીરચંદ પટેલ (લોડાયા)**
પૂત્રી-જમાઈ : **અલ્પા હિતેશ નાગડા** - વારાપધર
પૂત્રવધૂ-પૂત્ર : **શીલ્પા પરેશ પટેલ (લોડાયા)**
દોહીત્ર : **ચિ. રોનીલ હિતેશ નાગડા** - વારાપધર

### ❖ શ્રી ખોના કુળગોત્રનાં ''શ્રી જી પીર'' નું સ્થાનક ❖ ખોના ફલિયા, નલિયા - કચ્છ

ખોના કુળગોત્રનાં ''શ્રી જી પીર''ના સ્થાનકે દર વરસની જેમ આ વરસે પણ પેડીપ્રસાદ નો કાર્યક્રમ માગસર સુદ-૨ (બીજ) તા. ૧૩-૧૨-૨૦૧૫ રવિવારનાં સવારના સ્થાનકે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પેડીપ્રસાદ નો લાભ લેવા સૌ ભાવિકો તેમજ નિયાણીઓને સહપરિવાર પધારવા આમંત્રણ છે. સ્થાનકે પધારનાર સૌએ ઉતારાની વ્યવસ્થા કરી લેવા વિનંતી છે.

-: સંપર્ક :-

| | | |
|---|---|---|
| અમીત જેઠાલાલ ખોના | ડોંબીવલી | 093217 05511 |
| ચેતન માણેકચંદ્ર ખોના | ગોરેગાંવ | 093244 61894 |
| ચીમનલાલ હીરજી ખોના | માટુંગા | 098210 69255 |
| લીતેશ હીરાચંદ ખોના | ડોંબીવલી | 096194 93472 |
| ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ | 098206 20499 |
| લલીત કુંવરજી ખોના | ડોંબીવલી | 099204 03950 |
| (માતાજીના ભુવા) | | |

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ



## ''પખાવાજ''



સંગીતના સાંસ્કૃતિક ક્ષેત્રે આપણી જ્ઞાતિમાં ''પખાવાજ'' દરેક ગામનું આગવું અંગ હતું. પોથી પારણાં ના રાત્રી જાગરણ મહોત્સવ કે સામૈયે ''પખાવાજ'ન વાગે તો અધુરપ લાગતી ?

કાળક્રમે આ કળા વિસર્જનના આરે છે. છેલ્લા ત્રણ વરસમાં વડોદરા અને ભાડુંપમાં પખાવાજ રસીયાઓએ કાર્યને ગૂંજતો કર્યો હતો. આપ સૌની વિનંતીને લક્ષમાં લઈ ફરી એકવાર મુંબઈ મહાજનશ્રી આપના સથવારે પખાવાજ હરીફાઈ યોજવા કટીબદ્ધ છે. થોડા જ સમયમાં સ્થળ / તારીખ અને સમયની જાહેરાત કરશું.

**આપ સૌના આવકાર દાયક સૂચનો આવકાર્ય છે.**

સંપર્ક સૂત્ર :

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯.

ફોન : ૨૩૪૪ ૮૨૭૪

।। જય શ્રી અંબાઈ મા ।।



# શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા

(ટ્રસ્ટ રજી. નં. એ. ૧૮૨૭/કચ્છ)

પટેલ ફળિયો, તેરા (તા. અબડાસા, કચ્છ) - ૩૭૦ ૬૬૦.



## સમસ્ત મોતા પરિવાર જોગ

**આપણા કુળદેવી માં અંબાઈમાં ની આગામી સમૂહ પહેડી શુક્રવાર, તા. ૧૫/૪/૨૦૧૬ના તેરા સ્થાનકે કચ્છમાં યોજવાનું નક્કી થયેલ છે.**

**આગામી સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર**

**મા. વેજબાઈ ભવાનજી મોતા એવં મા. રાજબાઈ પદમશી મોતા પરિવારો - કુવાપધર**

**હા. દક્ષા લાજેશ રતિલાલ મોતા તથા મીનાબેન ગુલાબ પદમશી મોતા**

પહેડીમાં હાજર રહેવા ઇચ્છુક પરિવારજનોને બાન્દ્રા થી તેરા / બાન્દ્રા લાભાર્થી પરિવાર સંગાથે તા. ૧૩/૪/૨૦૧૬ શુક્રવારના સયાજી એક્સપ્રેસ થી રવાના થઈ તા. ૧૬/૪/૨૦૧૬ ના શનિવારના બપોર ૨.૩૦ કલાકે પરત ફરશું. ૮ વર્ષ બાદ કચ્છમાં સ્થાનિક ગામે પહેડીનું આયોજન થયેલ હોઈ સર્વ મોતા પરિવાર જનોને પધારવા હાર્દિક આમંત્રણ છે. તા. ૧૪ આંબેડકર જયંતી અને તા. ૧૫ રામનવમીના જાહેર તહેવારની રજાઓ છે. તેરા ખાતે તા. ૧૪ના ભદ્રેશ્વર/૭૨ જિનાલય / શિવમસ્તુ / દેઢીયા તીર્થોના દર્શન કરી રાતના સંગીત પાર્ટી ના સથવારે દાંડિયા રાસનું આયોજન તેરા મુક્કામે રાખેલ છે. તા. ૧૫/૪/૨૦૧૬ના સવારના ૮ વાગ્યાથી માતાજીના સ્થાનકે પહેડીનું આયોજન છે. પહેડી બાદ બપોરના ૩ કલાકે રાપર (દેરાસરજી સંકુલ, દરિયા કિનારો, ગૌશાળા તથા પીગ્લેશ્વર મંદિર) ચોવિહાર કરી ભુજ માટે રવાના થશું.

પહેડી માટે કચ્છ આવવા ઇચ્છુક પરિવારજનોને તા. ૧૦/૧૨/૨૦૧૫ સુધીમા નિલિમા જીવાણી - 80808 47978 / 022-2501 4236 (૧૦૧, મનરત્ન બીસનેસ પાર્ક, તિલક રોડ, ફૂડ સ્પોર્ટસની સામે, દેરાસર લેનને નાકે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે ટિકીટ દીઠ રૂા. ૩૦૦/- ડીપોઝીટ (પરત આપવાની શરતે) સાથે વિગતવાર નામ નોંધાવવા. આપ સૌના હંમેશ મુજબના સહકારની અપેક્ષા સાથે વિરમીએ છીએ.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ અને લાભાર્થી પરિવારના જય માતાજી**

॥ શ્રી તિર્થાધીપતિ મહાવીર સ્વામી નમઃ ॥

# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

કચ્છ કાર્યાલય : જખૌ–કચ્છ (તા. અબડાશા) – ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧ – ૨૮૭૨૨૪)

શ્રી જખૌ તિર્થમાં પર્યુષણ મહાપર્વ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજીની** અસીમ કૃપા તથા યુવા **આચાર્ય પ.પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજીની** દીવ્ય આશીષથી આર્યરક્ષિત વિદ્યાપીઠની તરફથી આવેલ બહેનો શ્રી ભાનુમતિ જયંતિલાલ કારાણી (ડુમરા) તથા શ્રીમતિ નલીનીબેન કિરણ ગોહિલ (ડોણ) ના માર્ગદર્શનમા અતિ ઉત્સાહ તથા આનંદથી ઉજવાયા.

- શ્રાવણ વદ તેરસના શ્રી મહાવીર પંચ કલ્યાણક પૂજાનો લાભ : કુ. સરોજબેન લાલજી મુનવર
- શ્રાવણ વદ ચૌદસના શ્રી મહાકાળી માતાની ભાવનાનો લાભ : શ્રી મુલજી રતનશી જૈન હ : હિરેનભાઈ
- શ્રાવણ વદ ૦)) ના કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનું લાભ : માતૃશ્રી દમયંતિબેન લાલજી મુનવર – ૬૦૦૧ મણ
- ભાદરવા સુદ એકમના કલ્પસૂત્ર (પોથી)ના વરઘોડામાં પ્રભુજીને ખોળામાં લઈ રથમા બેસવાનો લાભ : માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા – ૫૬૦૧ મણ
- પ્રભુજીના રથના સારથી બનવાનો લાભ : માતૃશ્રી હિરબાઈ ત્રીકમજી મૈશેરી હ : ભરતભાઈ
- પ્રભુજીના રથના આગળ પવિત્ર જલ ધારાવાળી કરાવાનો લાભ : માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા –૨૨૨ મણ ● પ્રભુજીને પોખવાનો લાભ : માતૃશ્રી દીવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા –૧૬૬૨ મણ ● ભાદરવા સૂદ બીજના મોક્ષની બારી ખોલવાનો લાભ : શ્રીમતી અમિતાબેન તિલક મોમાયા –૭૦૧ મણ ● બધાજ સ્વપ્નાને હેમની માળા પહેરાવવાનો લાભ : માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા – ૧૪૦૧ મણ
- ચોથુ સ્વપ્નું મહાલક્ષ્મી :માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા જુલાવવાનું –૭૫૭૫ મણ તથા પધરાવવાનો – ૯૦૯૦ મણ ● અગીયારમું સ્વપ્નું વહાણ ઝુલાવવાનો લાભ : સ્વ. મંજુ વંદના ગુલાબ લોડાયા ૫૦૦૧ મણ હ : કલ્પના વિજય મોતા ● અગીયારમું સ્વપ્નું વહાણ પધરાવવાનું લાભ :માતૃશ્રી દીવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા –૪૮૪૮ મણ ●પ્રભુજીનો પારણું પધારવવાનું લાભ : શ્રી જૈન યુવક મંડળ જખૌ – ૧૬૦૧ મણ
- શાલીભદ્ર શેઠનો ભંડારાનો લાભ :માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા રૂ.૩૭૦૦૧ ● ભાદરવા સૂદ પાંચમના કુમારપાળ રાજાની ૧૦૮ દીવાની આરતી તથા મંગળ દીવાનો લાભ : ચિ. પાર્શ્વ જીગર કિશોર શિયાલ હ : કિશોરભાઈ ●સ્વપ્નાનું કુલ ધી – ૬૦૯૧૮ મણ ● પ્રભુજીના ગંભારા ખોલવાનો ધી – ૯૦૩૨ મણ ● પર્યુષણ પર્વ દરમ્યાન કુલ ધી – ૧,૦૧,૮૧૫ મણ થયેલ.

રોજ સવારે ૯.૦૦ વાગ્યે ભક્તામર સ્ત્રોત વાંચન તેના બાદ વ્યાખ્યાન ભક્તામર લક્કી ડ્રો. પ્રભાવના, સાંજના પ્રતિક્રમણ તથા પ્રભાવના રાતના પ્રભુજીની ભાવના તથા ગેમ, અંતાક્ષરી રમાડવામાં આવેલ, છઠ્ઠના સવારના ૬.૩૦ દ્વાર ઉદ્‌ઘાટન, તપસ્વીઓના પારણા, સમુહ ક્ષમાપના, સ્ટાફને બક્ષીસ દાતા પરિવારોનું સન્માન કરવામાં આવેલ.

## ★★ પર્યુષણ મહાપર્વના સંપૂર્ણ આઠ દીવસની સાર્ધમિક ભક્તિના લાભાર્થી પરિવાર ★★

- માતૃશ્રી કસ્તુરીબાઈ કરમશી હિરજી વિકમશી
- માતૃશ્રી બાયાબાઈ ભવાનજી શીવજી ઝવેરી હ : જીતેન્દ્ર શામજી ઝવેરી તથા ચંદાબેન
- માતૃશ્રી વાલબાઈ જેઠાભાઈ નરશી લોડાયા હ : કાશ્મીરાબેન દીનેશ લોડાયા (પૂના)
- માતૃશ્રી રતનબાઈ પદમશી દેવશી લોડાયા હ : પ્રદીપ પદમશી લોડાયા (નાસિક)
- માતૃશ્રી દીવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા
- માતૃશ્રી અરૂણાબેન લક્ષ્મીચંદ ભવાનજી મોમાયા હ : રાજેશ તથા દીપેશ
- માતૃશ્રી લીલાવંતીબેન વિશનજી શામજી સોની હ : સોની પરિવાર
- માતૃશ્રી પ્રેમાબાઈ લધાભાઈ શવરાજ મૈશેરી હ : નેણશીભાઈ
- ભાદરવા સુદ છઠ્ઠના કાયમી તપસ્વીઓના પારણા : માતૃશ્રી લીલબાઈ મુલજી શિયાલ હ : નિર્મળાબેન શાંતિલાલ શિયાલ
- નવકારશી : માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી દેવશી શિયાડ હ : અનિલ કુંવરજી શિયાલ
- કાયમી સાધર્મિક ભક્તિ : શ્રીમાન મુલજી દેવજી શિયાલ હ : વિજય શાંતિલાલ શિયાલ
- બપોરની ચા : માતૃશ્રી લક્ષ્મીબેન કુંવરજી દેવશી શિયાલ હસ્તે અનલિ કુંવરજી શિયાલ
- ચૌવિહાર : માતૃશ્રી ઈન્દીરાબેન જ્યંતિલાલ ધારશી વિકમશી હ : શ્રીમતિ જીનાલી નયન વિકમશી
- ભાદરવા છઠ્ઠના બપોરના સાર્ધમિક ભક્તિ : નરશી દેવજી શિયાલ પરિવાર

UPASANA-9820167767

।। શ્રી તિર્થાધીપતિ મહાવીર સ્વામી નમઃ ।।

# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

કચ્છ કાર્યાલય : જખૌ-કચ્છ (તા. અબડાશા) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧ - ૨૮૭૨૨૪)

● કાયમી ચાતુર્માસ ફંડમાં એનું વ્યાજ વાપરવાની શરતે

**રૂા. ૧,૨૧,૦૦૦/-**

● શ્રીમાન પુનશી દેવશી લોડાયા હ : ધારીણી દીપક લોડાયા તરફથી જખૌ દેરાસર ટ્રસ્ટને અર્પણ કરેલ છે.

## ભાદરવા સુદ સાતમ સં. ૨૦૭૧ થી શ્રાવણ વદ બારસ સં. ૨૦૭૨ સુધી

### અષ્ટપ્રકારી પૂજાના લાભાર્થી પરિવાર

- મોરપીંછ પૂજા : શ્રી હિરેન વિશનજી નાગડા
- વાસક્ષેપ પૂજા : માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતૃશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા
- પક્ષાલ પૂજા : શ્રી ભવાનજી હિરજી શિયાડ
- અંગલૂછણા પૂજા : શ્રી નરેન્દ્ર હંસરાજ મોમાયા
- કેશર ચંદન પૂજા : શ્રી નરશી દેવજી શિયાલ
- ફુલ પૂજા : શ્રીમતી આરતી, આકાંશા જૈન
- ધૂપ પૂજા : માતૃશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા
- અંખડ દીપક પૂજા : માતૃશ્રી દમયંતીબેન શામજી ચાંપશી ધરમશી હસ્તે મીરાબેન ભદ્રેશ નાગડા

### નિભાવ ફંડ ભોજનશાળા ફોટો યોજના

- શ્રી હેમરાજ રતનશી મહેશ્વરી
- શ્રીમતી મણિબેન હેમરાજ મહેશ્વરી
- શ્રી નરશી દેવજી શિયાડ
- શ્રીમતી નેણબાઈ નરશી શિયાડ
- કુ. સરોજ લાલજી મુનવર
- કુ. ખુશ્બુ દીનેશ મુનવર

### ચાતુર્માસ ફંડ

- શ્રીમાન શેઠ શાંતિલાલ મુલજી શિયાલ - ૧૧૧૧૧
- શ્રી હરીશ દામજી ધરમશી - ૫૦૦૦
- રતનબેન હંસરાજ મુનવર - ૫૦૦૦
- શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી - ૩૦૦૦
- શ્રી રમેશ ભવાનજી મૈશરી - ૨૫૦૦
- શ્રી રાજેશ ખેતશી મૈશરી - ૨૫૦૦
- માતૃશ્રી મણીબાઈ લક્ષ્મીચંદ ધરમશી - ૨૫૦૦

● સર્વે લાભાર્થી પરિવારનો શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ ભુરી ભુરી અનુમોદના કરે છે. ફરી એવોજ સાથ સહકાર મળતો રહે એવી અપેક્ષા.

લી.

**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**

મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી કુલીન લાલજી મહેશ્વરીના મિ:ચ્છામી દુક્કડમ્

UPASANA-9820167767

# કેળવણી અને આપણી જ્ઞાતિ

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 98203 36767

આજથી ૧૨૫ વરસ પહેલા આપણી જ્ઞાતિમાં કેળવણીનું પ્રમાણ નહિવત હતું. એ સમય એવો હતો કે જેને વાંચતા અને લખતાં આવડે તેની ગણના ભણેલામાં થતી હતી પુરૂં ગામ ફરી વળો ત્યારે માંડ એકાદ તાર વાંચનારો મળે અને તે પણ ભાંગ્યું તુટ્યું ઉકેલી શકે. અન્ય જ્ઞાતિ પારસી, ભાટિયાની સરખામણીમાં આપણે ઘણા પછાત. કચ્છ/હાલાર રાજ્ય તરફથી કેળવણી વિકાસ અંગે ખાસ પ્રયાસ નહીં.



એ વખતની આપણી જ્ઞાતિની સ્થિતિ ખૂબજ દારૂણ હતી. અજ્ઞાન, વહેમ અને ખોટા રિતરિવાજોમાં જ્ઞાતિ સબડતી હતી. એક કચ્છી કવિની કવિતા આપણી જ્ઞાતિને બંધ બેસતી હતી :

હકડા મથેજા ગોર માતંગ, બેઓ રાજગોરેંજો રાજ,
ત્રયા ઘણીઅ અને ભલારા, ચોથો દેવોજી મારાજ...૧
પન્ના પીર ફકરી, છાં જોગીઆ અને ઝંધા,
સતાં ગચ્છજા ગુરૂજીઅ, ચે અંઈ કતરા ગોર કંધા...૨
અઠબંધાણા આઈએંસે, નોઉં રાક્ષીએજો રેસ,
ડોઉં ભરોસો ભુતંજો, અગીયારો તું ઠો ગુણેશ...૩
બારઈં અભડેજી કુની, તેરઉં કાસમજો કરો,
ચૌદઉં વદો વાછરો, પનરઉં ખેતરપાલ ખરો...૪
સોરાં ઘોડેં જખેંતે, એતરે ભેદે પણ ન એચે છેહ,
મએણેં પેએણે માજન, અન્ના કતરા ચાં આંકે...૫
ઓથીંધે અલ્લા સંમરી, ને પુંજી પારસનાથ,
વિધી ન જાણે વાણીઆં, પેસા વહેમેં જે પાસ...૬

ગામઠી ધુલીયા નિશાળમાં સૌ બાળકોને મુક્તાં. ત્યાં લખવું, વાંચવું, આંક, હિસાબ, ગણિત, કાગળ લખવાનું અને સાધારણ અક્ષરજ્ઞાન શીખાડવામાં આવતું મોટા ભાગનો વર્ગ તેનાથી વધારે શીખવું નકામું છે એમ સમજતો. કારણ કે માન્યતા એવી કે ભણવાથી શું વળવાનું છે. આખરે તો ખેતી જ કરવાની છે કે પેઢી ઉપર નાનું મોટું કામ જ કરવાનું છે.

ગામઠી શાખાઓ હતી. શાળામાં ફી નહતી. ફીની જગ્યાએ બાળકને શાખામાં બેસાડતી વખતે તેમજ વાર તહેવારે દક્ષિણા, શીખ વિગેરે બાળકોના વાલી પાસેથી મહેતાજી (માસ્તર)ને મળતા. ગરીબ બાળક દક્ષિણા ન આપી શકે તો માસ્તરનું ઘરકામ


।। શ્રી અમૃતનાથ દાદાય નમઃ ।।

## શ્રી અજીતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ - દલતુંગી
## તેમજ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - દલતુંગી આયોજીત
## સંચાલિત : શ્રી દલતુંગી મિત્ર મંડળ (મુંબઈ)

## દલતુંગી સ્નેહ મિલન : હાર્દિક આમંત્રણ

સર્વ ગામવાસીઓને નુતન વર્ષાભિનંદન. દલતુંગીના સર્વ ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામવાસીઓનું સ્નેહમિલન રવિવાર, તા. ૨૪/૧/૨૦૧૬ બપોરના સમય ૩.૦૦ થી ૮.૦૦ દરમ્યાન અનંતસિધ્ધિ, ભાંડુપ (વેસ્ટ) મુકામે આયોજીત કરેલ છે. આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણ ને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન અઠાઈ તપ અને એનાથી વધુ મોટી તપસ્યા તથા શિક્ષણમાં ધોરણ વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓ Jr.Kg. થી B.Com/BSC/Post Graduate સુધીના વિદ્યાર્થીઓ ટકાવારી સાથે રિઝલ્ટ તા. ૧૦/૧/૨૦૧૬. સુધી નીચે આપેલ કાર્યકર્તાઓ પાસે નામ નોંધાવવા વિનંતી. આ પ્રસંગે તપસ્વી બહુમાન, સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાશે. તથા હાજર રહેલ ૭૫ વર્ષ તથા એમનાંથી ઉપરનાં વડીલોઓનું અનુમોદન કરવામાં આવશે.

ખુશાલી સાથે જણાવવાનું કે દલતુંગી મુકામે મહાજનવાડીનું નિર્માણ થઈ રહ્યું છે. દલતુંગી સંઘ માટે એક ગર્વ લેવા જેવી બાબત છે. આ માટે સર્વ ટ્રસ્ટીગણ તથા ગામવાસીઓને ખૂબ-ખૂબ અનુમોદના. ખાસ કરીને આ માટે આપણા દલતુંગી મહાજનના લોકલાડીલા પ્રમુખશ્રી પ્રવિણભાઈ લાપસીયા અથાગ મહેનત કરી રહ્યા છે તે બદલ તેમને ધન્યવાદ. શ્રી અજીતનાથ દાદાની મહેર પ્રવિણભાઈ તથા સર્વ ટ્રસ્ટીગણને આ કાર્ય વિના વિઘ્ને પૂર્ણ કરવા સદા સાથે રહે એવી અભિલાષા.

આપના સહકારની અપેક્ષાસહ...

| | | | |
|---|---|---|---|
| **બિપીન શામજી શિયાડ** | - 75067 68697 | **પ્રવિણ રાયચંદ લોડાયા** | - 98338 19689 |
| **કિરીટ કાંતીલાલ લોડાયા** | - 99204 72971 | **મનીષ ઉત્તમચંદ માલદે** | - 96191 87242 |
| **રજનીકાંત ભવાનજી લાપસીયા** | - 90291 15853 | **પંકજ પુનશી માલદે** | - 98200 75015 |
| **હેમલ રજનીકાંત માલદે** | - 98923 31665 | | |

કરતા. ગામનું મહાજન માસ્તરને થોડો પગાર આપતું જે પર્યુષણ પ્રસંગે ફાળાથી એકઠો કરતા. ૬૦-૧૦૦ વરસ પહેલાનાં મહાજનના ચોપડામાં આવી નોંધો જોવા મળે છે. છોકરીઓને નિશાળે ન મોકલાવતા. કન્યા ૬-૭ વરસની થતા ઘરકામ શીખવામાં આવતું અને ૧૧-૧૨ વરસે તો લગ્ન કરી નાખતા !! ગરીબ વર્ગ ભણવાને બદલે બચપણથી જ બાળકને કામે લગાડી દેતો.

૧૪-૧૫ વરસે બાળક ખેતી ન કરતો હો ય તો કોઈ પેઢી ઉપર શીખવા બેસી જતો. અક્ષર સુધારવા, પેઢીદુકાનમાં સફાઈ કરવી, દીવાબત્તી કરવી, કાચી ઉઘરાણી નોંધ ઉતારવી, વજન કાંટા નોંધ રાખવી વિગેરેથી શરૂઆત થતી. જો હોંશીયાર હોય તો હિસાબ શીખો, કાચો રોજ મેળ લખે, પછી પાકું નામું શીખે, બાદમાં સોદા કરવા, માલની જાતો પારખવી, દેશાવરના ખર્ચા-હિસાબનું જ્ઞાન મેળવે અને આ બધું હાંસીલ કરતા દશકો વીતી જાય. મોટા ભાગનાઓ પાસે રહેવાની સગવડ નહતી વીશીમાં જમે એને પેઢી ઉપર જ સૂઈ રહેતા.

હાલાર કરતાં કચ્છની સ્થિતિ સરખામણીએ સારી હતી. કચ્છનાં ગામે ગામ ગોરજીની પોશાળો હતી. યતિઓની પોશાળામાં વ્યવહારલક્ષી શિક્ષણ મળતું પરંતુ વધારે પડતું ધર્મજ્ઞાન, માતા-પિતા, ધર્મગુરુની વિનય ભક્તિ ઉપર વધારે જોર આપવામાં આવતું. એક સમયે સમગ્ર કચ્છમાં ૭૦૦ જેટલી યતિઓની પોશાળા હતી. કોઈ કોઈ ગામના મહાજનોમાં દુરંદશી હતી. કરમસી ચાંપસી ખોના માસ્તર કેળવણી ક્ષેત્રમાં ગરડા પ્રાંતમાં કાર્યરત હતા એમને નલીયામાં લાવવામાં આવ્યા. નલીયામાં જી.ટી. સ્કુલની સ્થાપના સં. ૧૯૩૫ (ઈ.સ. ૧૯૦૪)માં થઈ. નલીયા મહાજને કાનજી માસ્તરને કન્યાશાળાનું સુકાન સોંપ્યું. તેઓએ દરબારી કન્યાશાળા નલીયામાં સેવા આપી.

કરમસી માસ્તરનાં પ્રયાસથી આજુબાજુના ગામોમાં કેળવણીની જાગરૂકતા આવી. સં. ૧૯૬૦માં પુરબાઈ જેઠાભાઈ ખેતસીના પ્રયાસથી અને વરાડિયાના ચાંપસી મણસીની સહાયથી જૈન કન્યાશાળા થઈ જેને પાછળથી નરશી નાથા ચેરીટીની સહાયતાશ્રી નરશી નાથા કન્યાશાળા એવું નામ અપાયું. કાનજી કરમસી માસ્તર પોતાની કન્યાશાળા ચલાવતા પણ પુરતું પ્રોત્સાહન ન મળતાં દરબારી શાળા નલીયામાં જોડાઈ ગયા. કચ્છમાં ગામડે ગામડે પાઠશાળા, જ્ઞાનશાળા અને કન્યાશાળાઓ ખોલવાનું શ્રેય શ્રી શીવજી દેવસી મઠડાવાળાને જાય છે. તેમણે મુંબઈમાં રૂપસી ભારમલ જૈન શ્રાવિકા શાળા અને કચ્છી જૈન મહિલા સમાજની પણ સ્થાપના કરેલ.

દેશમાં ખેતી અને મુંબઈમાં શરૂઆતમાં મજુરી બાદ ધીમે ધીમે વેપાર ધંધા તરફ વળ્યા ત્યાં સુધી પણ કેળવણીનું ખાસ મહત્ત્વ સમજ્યા નહીં. જ્ઞાતિ જાહોજલાલી સમયમાં શ્રેષ્ઠીઓએ લાખો રૂપિયા ધાર્મિક કાર્યોમાં વાપર્યા પણ કેળવણીમાં ખાસ રૂચી નહીં. શરૂઆતનાં શેઠીયાઓ નરશી નાથા, કેશવજી નાયક,


।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

**સોનથરી આયોજીત ૧૭૫ મો ધ્વજા મહોત્સવ**

**આત્મીય સુથરીવાસીઓ તથા નિયાણીબહેનો સહપરિવારને જયજિનેન્દ્ર,**

**શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપા અને ગુરૂભગવંતોનાં આશીર્વાદથી આપણું શ્રી સુથરી મહાતીર્થ સં. ૨૦૭૨માં દશાન્હિકા મહોત્સવ કાર્યક્રમ ચૈત્ર વદ ૧૪ થી વૈશાખ સુદ ૮, તા.૫-૫-૨૦૧૬ થી ૧૫-૫-૨૦૧૬ સુથરી મહાતીર્થે પૂ. ગુરૂભગવંતો તથા પંડિત વિશાલભાઈ ધરમશી સંગાથે આયોજન કરેલ છે. સ્નેહમિલનના દિવસે આ મહોત્સવના બાકી રહેલ ચડાવા તથા આદેશ તા. ૨૯-૧૧-૨૦૧૫ ને રવિવાર, માટુંગા મધ્યે આપવામાં આવશે.**

**રવિવાર,તા. ૨૯-૧૧-૨૦૧૫ સમયઃ બપોરે ૨.૩૦ કલાકે**

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘની,

**શ્રી નારાણજી શામજી મહાજન વાડી,**

૨ જે માળે, ૪૫૨/૪૫૩, ભાઉદાજી રોડ, માટુંગા, મુંબઈ - ૪૦૦૦૧૯.

કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જવારા રોપણ, શાંતિકળશ, પાટલા પૂજન, અઢાર અભિષેક, ધ્વજાઓ, રથ યાત્રા તથા કંકુ છાપાના આદેશો આપવામાં આવશે.

**નોંધ : મૂળનાયક દાદાની ધ્વજાનો આદેશ આજ દિવસે આપવામાં આવશે.**

સર્વે ભાઈ બહેનોને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**(ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. )**

**નિમંત્રક : શ્રી સુથરી જૈન સંઘ**

Narsey Cotton, 10, Emgeen Chamber, 3rd Floor, Vidhya Nagari Marg, Kalina, Santacruz (E), Mumbai - 400 098.

વલેજી માલુ જેવા જ્ઞાતિ અગ્રેસરની સમક્ષ કેળવણીનો ઉમદા વિચાર કદાચ રજૂ ન થયો, જો થયો હોય તો જરૂર કંઈક સારું આ ક્ષેત્રે થયું હોત. ત્યાર બાદના શ્રેષ્ઠીઓ જુની વિચારધારા અને ટૂંકી દૃષ્ટિ ધરાવનારા હોઈ કેળવણી ક્ષેત્ર બિન ખોડાયેલ જ રહ્યું. સં. ૧૯૩૪/૩૭ (ઈ.સ. ૧૮૭૮/૧૮૮૧)માં થોડા ભાઈઓ દ્વારા કેળવણી માટે પાઠશાળા શરૂ કરાઈ પરંતુ આવા પ્રયાસોને તોડી પાડવામાં આવ્યા.

મુંબઈમાં ૧૨૫ વરસ પહેલાં ડામર ગલીમાં ગોકલદાસ તેજપાર સ્કુલ તથા પાલાગલીમાં ખાન મહમદ હબીબ સ્કુલ હતી. પાલાગલીમાં અંગ્રેજી ૩ સુધીનો અભ્યાસ હતો. આપણી જ્ઞાતિમાં કેળવણીના શ્રી ગણેશ લક્ષ્મીચંદ તેજપાલ મૈશેરીએ બેસાડ્યા. પોતે ઉચ્ચ કેળવણી લીધી અને તેના ફેલાવા માટે ભરપૂર પ્રયાસ કર્યો. ધારસી માંડણ અને કાનજી કરમસી માસ્તરે અંગ્રેજી શિક્ષણ મળી રહે તે માટે ''ધી રિપન ઈંગ્લીંશ સ્કુલની સ્થાપના સં. ૧૮૮૪માં માંડવી વિસ્તારમાં મુંબઈ ખાતે કરી. લક્ષ્મીચંદ માસ્તરના નાના ભાઈ કરમસી પણ આ સ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા. ચાર ગુજરાતી બાદ પાંચમી ગુજરાતી સાથે પ્રથમ અંગ્રજી અને છઠ્ઠી ગુજરાતી સાથે બીજી અંગ્રજી. આ સ્કુલનો મોટા ભાગનો સ્ટાફ આપણી જ્ઞાતિનો હતો. ધારસીભાઈ હેડમાસ્તર હતા. નલીયાના શ્રી ખીમજી હીરજી લોડાયા (માસ્તર) પણ આ સ્કુલના શિક્ષક હતા. જ્ઞાતિના અગ્રસરો ડૉ. પુનશી હીરજી મૈશરી, ક.દ.ઓ. મુંબઈ મહાજનનાં પ્રમુખ શ્રી જેઠાભાઈ નરશી, નાતનાં ઉપપ્રમુખ શ્રી જેઠાભાઈ વર્ધમાન પુનશી વિગેરેની ભેટ આ સ્કુલે આપી. જ્ઞાતિના પ્રથમ ગ્રેજ્યુએટ શ્રી વીરજી લધાભાઈ ખોના પણ આ સ્કુલમાં સેવા આપતા હતા. કાનજી કરમસી માસ્તરની આ સ્કુલ જ્ઞાતિ બાળકોને શિક્ષણ આપવામાં અગ્ર હતી. પાછળતી આ સ્કુલ મુંબઈ મ્યુનિસીપાલિટીને સોંપાઈ અને આજે પણ કાનજી કરમસી મ્યુનીસીપલ સ્કુલ તરીકે કાર્યરત છે.

કાનજી કરમસી માસ્તરની ભાવનગરની કોન્ફરન્સમાં સુંદર સેવા હતી. તેઓ દેશ ભક્તિના રંગેરંગોયેલા હતા લોકમાન્ય તિલકને છ વરસની જેલની સજા થયેલ ત્યારે તિલકે ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી. એ વખતે કાનજી માસ્તરે આજીવન ખાદીને અપનાવી. ગાંધીજીનાં કાર્યોને તન મન ધનથી આપનાવ્યા પોતાના શિષ્યો પાસે પણ ખાદીનો આગ્રહ અને શિષ્ય સંપૂર્ણ ખાદી ધારણ ન કરે તો તેની સાથે વ્યવહાર નહીં તેવા અડગ. તેથી શિષ્યો જતાં રહ્યા પણ કાનજી માસ્તર ડગ્યા નહીં. આ નોંધ જ્ઞાતિ બુકસેલર મેઘજી હીરજીની વિ.સં. ૧૯૭૮ (ઇ.સ. ૧૯૨૨)ની છે. કાનજી માસ્તર ગાન-તાન-સંગીતના ખૂબ જ શોખીન હતા. પર્યુષણ પર્વમાં અનંતનાથ દેરાસરમાં ખૂબ જ રંગત જમાવતા.

આમ જ્ઞાતિમાં ૫-૭ પ્રભાવી શિક્ષિત યુવાનો પેદા થયા. સ્વતંત્ર્ય વિચારસરણી ધરાવતા આ યુવાનોએ જ્ઞાતિના શેઠીયાઓ ઉપર પ્રભાવ નાખ્યો અને શિક્ષણના ફેલાવોનો પ્રયાસ કર્યો પરંતુ નીજ સ્વાર્થમાં રાચતા શ્રીમંતોનો જ્ઞાતિ ઉપરથી પ્રભાવ ઘટી જાય તે ડરે પ્રોત્સાહન મળ્યું નહીં.

સને ૧૯૪૨માં જ્ઞાતિને પ્રથમ ગ્રેજ્યુએટ વીરજી લધાભાઈ ખોના BA મળ્યા. મુંબઈ મહાજન તરફથી એમને સન્માન પત્ર અપાયું તથા આ પ્રસંગની યાદીમાં મહાજનના ખર્ચે જ્ઞાતિ જમણ અને મેડળાવડો યોજોયો. આ અરસામાં જ્ઞાતિ બે વિભાગમાં વહેંચાયેલી હતી. રાજગોર બ્રામ્હણ કેસમાં જ્ઞાતિ બે વિભાગમાં હતી. એક પક્ષે શેઠીયા ઓ (બ્રાહ્મણ) પક્ષ અને સામે મહાજન પક્ષ (સુધારવાદી પક્ષ). જ્ઞાતિ શ્રેષ્ઠી શેઠ નરશી કેશવજી નાયક શેઠીયા પક્ષ છોડી સામાન્ય જનનાં પક્ષે જોડાઈ રૂઢીચુસ્ત શેઠીયાઓ સામે જબરી લડત આપી. વિજયી બન્યા અને તેથી જ ૩-૪ વરસ પહેલા કેળવણીના જડમુડ ઉખેડવાની વિચારસરણીવાળા શેઠીયાઓ સામે ત્રણ વરસ બાદ એ જ મહાજન કેળવણીનું સન્માન કરવા આગળ આવ્યું. સુધારાવાદી મહાજન પક્ષના આગમન સાથે જ્ઞાતિમાં અનેક ઉત્થાનના કાર્યો શરૂ થયા. ધાર્મિક શિક્ષણ સાથે વ્યવહારુ કેળવણી આપતી સ્કુલ શરૂ કરવાના પગરણ મંડાયા.

(વધુ આવતા અંકે)

(નમ્ર નિવેદન : ઈતિહાસ ક્યારે પણ પૂર્ણ લખી શકાતો નથી. મેં એકત્રિત કરેલ માહિતીઓનું સંકલન કરી આપ સમક્ષ રજૂ કરેલ છે. આપની પાસે લેખને લગતી પૂરક માહિતી હોય તો અવશ્ય મોકલશો. આપનાં પ્રતિભાવની આશાસહ)

## પાંચમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



જન્મ : તારીખ ૨૨/૭/૧૯૪૨

સ્વર્ગવાસ : તારીખ ૨૩/૧૧/૨૦૧૦

**સ્વ. સોમચંદ ચત્રભોજ સાચલા,** તેરા - ડોંબીવલી

સુખ દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
જીવનની અંતિમ પળો સુધી નિ:સ્વાર્થ ભાવે
ધૂપસળી જેવું જીવન જીવી ગયા તમે.

-: શોકાતુર :-

પત્ની : **જયાબેન**
પૂત્ર-પૂત્રવધૂ : **દિલીપ - દુલારી**
દીકરી-જમાઈ : **પ્રિતી દિલીપ લોડાયા**
**હીના અભેશ ધરમશી**
**નયના ભરત નાગડા**
દીકરી : **હેમાલી**

ज्ञातिना स्पर्शता समाचारो टूंकमां पानानी एक बाजुए सारा अक्षरे कार्यक्रम पूर्ण थाय के तरत लखी मोकलवा विनंती.

## ભાંડુપમાં આયંબીલ ઓળી અને નવકારજાપની રજતજયંતિ

ભાડુંપમાં પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની ષષ્ટિ પૂર્તિ નિમિત્તે અને પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શ્રેણી તપની સુખદ પૂર્ણાહૂતિ નિમિત્તે માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા,સાંયરાવાળાએ આયંબિલની ઓળીના નવે નવ દિવસ, ચિ.મેહુલે શ્રેષ્ઠ અને સુગંધી ફૂલોની ભવ્ય આંગી જાતે રચી ગુરૂ પ્રેમનું ગૌરવ વધાર્યું.

નવકાર મંત્રનો ૨૫ મો મણકો નવકાર નિષ્ઠ શ્રી જયંત રાહીના સંગાથે મુંબઈ-મહાજનશ્રી ભાડુંપ સંઘ અને અન્ય સંઘોના સથવારે શરૂ થયેલ ૨૫ ઓક્ટોબરના નવકાર મંત્રના રણકાની રજત જયંતી ઉજવાઈ જે માટે કુમારભાઈ દંડે ખાસ પ્રયત્નો કર્યા હતા. સવારે ૭ વાગે નવકાર મંત્રના લબ્ધિ કુંભનું ઢોલ શરણાઈએ શાનદાર સામૈયું થયું રજત જયંતીનો લાભ સૌ.ચેતના કિર્તી હરિયાએ લગ્ન જીવનની રજત જયંતીએ લીધો. ૬૫૦ ભાવિકો પધાર્યા. નીચે A/c હોલમાં T.V.ની વ્યવસ્થા કરવામાં આવતાં બંને હોલ ભાવિકોથી ઉભરાયા. ૬૫ પરિવારો રૂા.૧૦૦૦/- ભરી નવકાર મંત્રના લબ્ધિ કુંભના લાભાર્થી રહ્યા. શ્રી રાહી સાહેબ આ અવસરે વસંત બની રણકયા અને ભાડુંપવાસી ઓની નવકાર પ્રત્યેની નિષ્ઠાની ભારોભાર અનુમોદના કરી. લક્કી ડ્રો રાખતાં પહેલાં પાંચસો માંથી પ્રથમ નંબરને એક ગ્રામ સોનાની લગડી તેમજ બીજા, ત્રીજા નંબરને ચાંદીની લગડી આપવામાં આવી. ઉપસ્થિતોએ ફાઈવ સ્ટારને નવકારશિનો લાભ આપ્યો.

શ્રી કુમાર દંડે અત્યાર સુધીના રસપ્રદ ઈતિહાસનો ચિતાર રજુ કરી આવકાર આપી, આભાર માની, સુવર્ણ જયંતિના લક્ષ તરફ ધ્યાનસ્થ થવા અપીલ કરી હતી. રાહી સાહેબ અને હરિયા પરિવારોનું સંઘના સોનેરી તિલકે અભિવાદન થયું. વાંદરા ઉપાશ્રય નનિર્માણના રૂ.૧૧૦૦૦/- થોડા કુપનો ભરાયા.

સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.ની ૨૫મી ઓળીની પૂર્ણાહૂતિ પારણાં કરાવવાનો લાભ રૂા.૧૧,૧૧૧ માં માતુશ્રી રતનબેન ખીમજી ગડા બાયઠ પરિવારે લીધો.

આયંબીલની પૂર્ણાહૂતિએ પારણા માટે કલ્પેશ મોતા, બીપીન નાગડા અને દંડ પરિવારના સંબંધીઓએ પધારી પ્રભાવના કરી. લહેરચંદ મૈશેરીએ સ્વ. શ્રી જયાબહેનની ધાર્મિકતાની અનુમોદના કરી લક્ષ્મીચંદભાઈને બિરદાવ્યા.

## ભાડુંપમાં શરદ પૂનમની ઉજવણી

નારી શક્તિએ કુંવરજી હરશી લોડાયા સૌ. પિન્કી કમલેશ ધરમશી અને ફાઈવ સ્ટાર્સ કેટરીંગના સહયોગે શરદ પૂનમે દાંડીયા ગરબાનું આયોજન કરતાં મોટી સંખ્યામાં યુવાનો સહિત રસીયાઓ ગરબે ઘુમ્યા. મુંબઈ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, ઉપપ્રમુખ લહેરીનભાઈ ખોના, અમીત મોમાયાનું શ્રી નારી શક્તિના રશ્મી કમલેશ મૈશેરીએ સ્વાગત કરી. સોનેરી તિલકે બીરદાવ્યા. સહાયક દાતાઓનું પણ બહુમાન થયું. નારી શક્તિએ રૂા.૨૦૦/- ના વાર્ષિક લવાજમે ચાર પ્રોગ્રામનું વચન આપ્યું.

પૂ.મુનિરાજ શ્રી હંસરત્નવિજયજી મ.સા.ના સંવત્સર તપે વાંદરા જતાં પૂ.આ.ભ.કલાપ્રભ સાગર સૂરી મ.સા.પધારતાં દશા-વીસા સંઘે ગહુલી, ઢોલ શરણાઈએ સામૈયું કર્યું. શ્રી સૌરાષ્ટ્ર દુગ્ધાલયના શ્રાવક મુકેશભાઈએ શ્રી સંઘોનું ઠંડી છાસ અને પેંડાએ સ્વાગત કર્યુ.

ક.વી.ઓ. સંઘમાં અચલગચ્છીય રાજસ્થાનના સંઘોએ આ.ભ ને ખમાવી ગચ્છઉન્નતિ, ચાર્તુમાસ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


ચાતુર્માસ પૂર્ણાહૂતિ નિમિત્તે એ કાળ દરમિયાન વિવિધ સંઘને પોતાના ધર્મ જ્ઞાન-આચરણનો લાભ આપનાર ગુરૂભગવંતોને માનવંદના.

*તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

કરવા વિનંતી કરી. રાજસ્થાનમાં ગચ્છની પ્રગતિ માટે વિચાર વિનિમય કર્યા. શ્રી સંઘે ૧૬ સંઘોના પ્રમુખોનું બહુમાન કરી સૌને ચૌવિહાર કરાવ્યા. શ્રેષ્ઠ વૈયાવચ્ચ કરી.

ચાર્તુમાસ દરમ્યાન મીની પાલીતાણામાં ૯૯ ની ભાવયાત્રા પૂર્ણ કરનાર ૫૦ તપારાધકોને મહાજનશ્રીએ ટ્રેઈન મારફત શત્રુંજ્યની યાત્રા કરાવી. યાત્રા દાતા સાંયરાના માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા હતા. યાત્રા દરમ્યાન શ્રી હિરાચંદ કલ્યાણજી નાગડા શ્રી ચીમનલાલ દેવજી નાગડા અનેઅન્યોએ સેવા આપી. ગચ્છાધિપતીશ્રીને વંદના યાત્રા વગેરે માટે યાત્રાળુઓએ સંતોષ વ્યક્ત કર્યો.

### શ્રી અચલગચ્છ જૈન સંઘ - વડાલા

શ્રી અચલગચ્છ જૈન સંઘની આરતી હરીફાઈમાં કુ. રૂચા ધીરેન નવીનચંદ્ર નાગડા ગામ-નલીયા, ઉંમર- ૮વર્ષએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

### બડગરાના અને કોચીના સંઘના સહિયારા આયંબીલ

બડગરા મહાજન દ્વારા પૂજ્ય ગુરૂદેવ ધર્મ પ્રભાસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી રાજશેખરસાગરજી મ.સા. તથા પુ. મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.ને વંદન કરવાને તથા પુદ્ગલ વોસિરાવાની ક્રિયા પ્રસંગે કોચીન સંઘના આમંત્રણને માન આપી ત્યાં જવાનું થયું. જે પણ ભાગ્યાશાળીઓ આ ક્રિયામાં ભાગ લેવાના હોય તેમણે તે દિવસે આયંબીલ કરવાનું હતું. પૂ. મુનિ ભગવંતોની તે દિવસે ૪૦૭ આયંબીલ સંઘમાં થાય એવી ભાવના હતી. પણ સંઘે તો ૪૮૮ આયંબીલ આપીને ગુરૂઋણ અદા કર્યુ. મુની ભગવંતોની પૂદ્ગલ વોસીરાવાની ક્રિયા એટલી સરળ હતી કે શબ્દે-શબ્દ સમજાયા.

### જૈન તત્વજ્ઞાનની પરીક્ષામાં કેચીનવાસી અવ્વલ રહ્યા

શ્રી આદીનાથ જૈન ટ્રસ્ટ, ચેન્નઈ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૫માં લેવાયેલ ડીપ્લોમાં ઈન જૈન તત્વજ્ઞાનની પરીક્ષામાં શ્રીમતી સુજાતા ઉત્તમચંદ મૈશેરી (કોચીન) ૯૩ % ગુણાંક સાથે સમસ્ત કેરળ રાજ્યમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા અને કુ.પદ્મિની વીશનજી મોમાયા (કોચીન) ૮૬ ટકા ગુણાંક સાથે સમસ્ત કેરળ રાજ્યમાં બીજા ક્રમાંકે ઉત્તીર્ણ થયા. પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન.

### શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર

શ્રીમતી તારામતી વિશનજી ગાલા દ્વારા સાહિત્ય-સંશોધન ક્ષેત્રે પ્રદાન માટેઃ શ્રી કાનજી જખુભાઈ મહેશ્વરીને, ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રદાન માટેઃ શ્રી ઉત્તમ રવજી ગડાને, લોક-વાદ્ય વાદન ક્ષેત્રે પ્રદાન માટેઃ શ્રી શૈલેષ ચમનલાલ જાનીને, રંગોળી કલા-સંસ્કૃતિના ક્ષેત્રે પ્રદાન માટેઃ શ્રીમતી ભાવના હરેશ ભેદા, સંગીત ક્ષેત્રે પ્રદાન માટેઃ શ્રીમતી હર્ષિદાબેન અશોકભાઈ જોષીને રવિવાર, તા ૧.૧૧.૨૦૧૫, બપોરના શ્રી નવીનભાઈ ઠક્કર ઓડીટોરીયમ વિલેપારલે (પૂર્વ) ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સાહિત્ય કલા પુરષ્કાર ૨૦૧૫થી નવાજવામાં આવ્યા હતા.

આયોજન : શ્રીમતી તરામતી અને શ્રી વિશનજી હરશી ગાલા, શ્રી માધવ જોશી "અશ્ક", ડૉ. માધુરીબેન છેડા, ડૉ.વિશન નાગડા, ડૉ.ગુલાબ દેઢિયા, શ્રી લક્ષ્મીચંદ ગોગરીની જહમેતથી પાર પડયું હતું.

### ધુલિયામાં યોગ શિબિર કાર્યશાળા

સૌ. મીના સુભાષ મોમાયા, ડુમરા-નોઈડા,૧૨ વર્ષથી યોગ પ્રેકટિસનર છે. એમની નિશ્રામાં વિવિધ યોગ પધ્ધતીને અનુસરીને ઓગસ્ટ ૨૫,૨૬,૨૭ના ધુલિયમાં ત્રણ સેસન્સમાં સૌ. લતા જયંત દંડ એ આ શિબિર કાર્યશાળાનું આયોજન કરેલ, જેમાં ૩૫ સાધકોનો સહભાગ મળેલ.

શરીરના દરેક મસલ્સને સ્ટ્રેચિંગ, રીલેક્સીંગ, પોસ્ચર્સની સિકવેન્સ બતાવીને યોગાચાર્ય બી.કે.એસ.આયંગરે પ્રરૂપેલ બીજા યોગની વિશેષતા જણાવી. બેલ્ટ, બોક્સ, લોડ, ખુરશી, દિવાલ વગેરે પ્રોપ્સની મદદથી યોગ સહજ કરાવીને બતાવ્યું. દરેક સાધકને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવ્યું. આહાર અંગે પણ વિશેષ સમજણ આપી.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## શ્રી ભલારા સ્થાનકે જતા યાત્રિકોને આગોતરી જાણ કરવા અનુરોધ

લાલપુર મા શ્રી ભલારાદાદાના સ્થાનકે જતા યાત્રિકોની સંખ્યા સતત વધી રહી છે. એ સૌની યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે સ્થાનિક મેનેજમેન્ટ દ્વારા તે માટે અગાઉથી જાણ કરવા અનુરોધ કરાયો છે.

સંપર્ક : મો. 09998123143, ફો. 02895-273348

## સખી વૃંદ - પુના

સખી વૃંદ પુનાની વાર્ષિક સામાન્ય સભા તા ૧૦.ઓક્ટોબરના હોટેલ નૈવેદમમાં હતી. સૌ સભ્ય બહેનોનું કમિટી દ્વારા હાથે બનાવેલ કોટન નેપકીનના ગુલાબના ફૂલથી મીતા લાલકાએ સ્વાગત કર્યુ. કલ્પના લાપસીયાએ સંચાલન કરતા સૌનું સ્વાગત કર્યુ. નવકારનું મહત્વ સમજાવ્યું શ્વેતા ડાગાએ નવકારમંત્રનું ઉચ્ચારણ કર્યુ.

મંડળના સ્થાપક વડીલ પૂ. વિજયાબેન નાગડાને નવકાર ગણી પુષ્પાંજલિ અર્પણ કરી.પ્રમુખ વંદના ધરમશીએ નીતાબેન દંડનું રૂ.૫૦૦૦નું ડોનેશન આપવા બદલ ચાંદીનો સિક્કો તથા મોતીની માળા પહેરાવી બહુમાન કર્યુ. ઓક્ટોબરમાં આવતા જન્મદિવસની સભ્ય બહેનોને સૌએ વધાઈ આપી. સેક્રેટરી પુષ્પા લોડાયાએ વર્ષ દરમ્યાન લેવાયેલ મિટીંગના અહેવાલ તથા મંડળના નિયમ વાંચ્યા. નવા જોડાયેલ સભ્ય બહેનોનું સ્વાગત કરાયું.

સભ્ય બહેનોના મંતવ્ય રજૂ થયા અને એ બદલ ચર્ચા વિચારણા થઈ.ખજાનચી શ્વેતા ડાગાએ વર્ષ દરમ્યાનના હિસાબની કોપી સાથે પૂરી માહિતી આપી. વર્ષની લીધેલ મિટીંગના સભ્ય બહેનોને મંડળવતી ઈનામ અપાયા. રચિતમાં વિજયાબેન મૈશેરી, રીટાબેન ભાટેને તેમજ યોજીતમાં લીલાબેન નાગડાને બેસ્ટ મિટીંગની ટ્રોફી સાથે ઈનામ અપાયાં.ફૂલ હાજરીના ચંદ્રિકાબેન રતાણી, કલ્પના લાપસીયાને ઈનામ અપાયા. સર્વે સભ્યો દ્વારા ચૂંટાયેલા પોપ્યુલર મિટીંગના વિજેતા રીટાબેન ભાટે, ભાવનાબેન શિયાળ, ચાંદની લોડાયા ઘોષિત થયાં. જેમને મીતાબેન લાલકાવતી ઈનામ વિતરણ થયું.


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**


# ચતુર્થ

## પુણ્યતિથીએ આદરાંજલી



જન્મ
તા. ૯.૪.૧૯૩૯
(વારાપધર)

દેવશરણ
તા. ૧૧.૧૧.૨૦૧૧
(ભાંડુપ)

### સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી છેડા

**તાત મારા નાથ**

કુટુંબ હોય કે હોય સમાજ,
તત્પર રહેતા સેવાને કાજ.
નિઃસ્વાર્થ સેવા ને સમપર્ણ,
હતા ભાવ હે મારા તાત.
તમારા વટવૃક્ષની છાયામાં,
ખીલતાં હતાં મધુવન અમારા.
થયા છે તુમ વીણ હવે આ,
બાળ તારા નોધારા.
કંટક ભરેલી કેડીઓ પર,
ચાલી રહયો છું એકલો.
જ્વાળા નીકળતી કેડીઓ પર,
ચાલી રહયો છું દાઝતો.
વર્ષાવજો તુમ આશિષ મુજ પર,
એ સ્વર્ગના દ્વારથી.
વિનવું પ્રભુને એટલું કે,
ભવભવના ફેરા ટાળજે.
મારા નાથ સમા એ તાતને,
તારી સમીપે સ્થાન આપજે.

આપને હરઘડી હરપળ યાદ કરનારા

**પુત્રવધુ - પુત્ર : સ્વ. સૌ. વર્ષા જયેશ છેડા,**
**સૌ. દેવિકા વિજય છેડા.**
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

કમિટીમાં નવા મેમ્બર તરીકે કોમલ ધરમશી ચૂંટાયા. સલાહકાર રીટા ભાટે એ પ્રમુખ વંદના ધરમશીને પદ સોપ્યું. વંદનાએ હવેના પ્રમુખ શ્વેતા ડાગાને પદ સોપ્યું. આમ સર્વે કમિટી મેમ્બર્સ દ્વારા પદની આપ લે થઈ. ૨ વર્ષ માટેની કમિટી આ મુજબ ચુંટાઈ.

સલાહકાર - વંદના ધરમશી, પ્રમુખ-શ્વેતા ડાગા, ખજાનચી-પુષ્પા લોડાયા.
સેક્રેટરી - કલ્પના લાપસીયા. સભ્ય-મીતા લાલકા. સભ્ય - કોમલ ધરમશી

કમિટીમાંથી વિદાય લેતા રીટા ભાટેએ સર્વેનો આભાર માન્યો. તેમને યાદગીરી રૂપે લક્કી બામ્બુ શૂટ અપાયું. તથા તેમણે મંડળને GAVEL ભેટ આપી. વંદનાએ સૌનો આભાર માન્યો.

વિવિધાની સમાપન વિધિ થઈ. મીતા લાલકાએ વિવિધ રજૂ કરનાર પુષ્પા લોડાયાનો આભાર વ્યક્ત કર્યો. શ્રેણીનો છેલ્લો મણકો ધર્મની પ્રશ્નોત્તરીના વિજેતા ગ્રુપ ૧ ના (૧) શ્વેતા ડાગા (૨) જીનલ લોડાયા તથા ગ્રુપ ૨ ના (૧) નીતાબેન દંડ (૨) ચંદ્રિકાબેન રતાણી રહ્યા. એમને ઈનામ અપાયા. શ્રેણીના ૯ રાઉન્ડ પૈકી ૪ માં હીનાબેન રતાણી ગ્રુપ - ૧ના વિજેતા તથા ગ્રુપ ૨ માં કીર્તિબેન નાગડા, નલીનીબેન લાપસિયા અને હિનાબેન શાહ ૩ રાઉન્ડ જીત્યા. લક્કી ડ્રો થતા નલીનીબેન લાપસિયા વિજયી થયા. બન્નેને વિવિધા ક્વીન નું બિરૂદ તથા ભેટ પુષ્પા લોડાયાએ આપી નવાજ્યા.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન યુવા મંડળ, રાયપુરનું રજત જયંતિ વર્ષ

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન યુવા મંડળ-રાયપુર એ તા.૦૪.૧૧.૨૦૧૫ના સંસ્થાની રજત જયંતિ વર્ષ (૨૫ વર્ષ) ના નિમિ્તે નીચે મુજબ કાર્યક્રમ રાખેલ :

યુવા મંડળના સદસ્યો દ્વારા સવારના ૯ વાગે શ્રી કુથુંનાથ જિનાલયમાં સ્નાત્ર પૂજા રાખેલ. સમાજના સર્વે ને આમંત્રણ આપવામાં આવેલ.

સ્નાત્ર મહોત્સવ બાદ માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર દ્વારા રૂા.૧૦/- ની પ્રભાવના કરવામાં આવેલ.

સાંજના દેરાસરમાં ભક્તિ કાર્યક્રમ બાદ આરતી ઉતારવામાં આવી અને પેંડાની પ્રભાવના કરવામાં આવી. યુવા મંડળને ૨૫ વર્ષ પુરા થતાં. રજત જયંતિ વર્ષ નિમિત્તે સમાજના દરેક ઘર દીઠ ખુશાલી રૂપે લાડુ ની પ્રભાવના આપવામાં આવી.

## પ્રભાવતી પદમશી સોની ઈન્ટરનેશનલ જુનીયર કોલેજ

મુંબઈમાં વિલેપાર્લે/જુહુમાં સ્થિત આપણી જ્ઞાતિનાં પ્રભાવતી પદમશી સોની (સુથરી)નું નામ ધરાવતી કોલેજના એક વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વની પરીક્ષાઓ, કેમ્બ્રીજ ઈન્ટરનેશનલ એક્સામીનેશન્સ (નવેમ્બર ૨૦૧૪ અને જુન ૨૦૧૫માં લેવાયેલ પરીક્ષાઓ) માં સૌથી વધારે માર્કસ મેળવ્યા છે. આની સાથે ભારતમાંથી અન્ય ૨૧ વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ ગુણાંક મેળવ્યા છે.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી અને માર્ગદર્શને પ.પૂ,.જયદર્શીતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શને ટ્રસ્ટ ના કાર્યો સફળતાપૂર્વક અને સરળતાથી આગળ વધે છે. દર શનિવારના પાચોરામાં ગરીબોને ભોજન કરાવવામાં આવે છે.

? કાયમી ભોજન કરાવનાર દાતાઓના નામ:-

૧) પલ્લવી વીરચંદ શાહ, નાંદેડ ૨) તારાબાઈ માણેકજી મોતા, વાલકેશ્વર

? એક દિવસ માટે ભોજન કરાવનાર દાતાઓના નામ:-

૧) ચંદ્રકાંત ધનજી ધરમશી, મુંબઈ ૨) ગુંજ ભાવેશ ધરમશી, મુંબઈ હસ્તે ચંદ્રકાંત ધનજી ૩) સુનિતા સંઘવી, પાંચોરા ૪) શ્રી બાલાજી, પાંચોરા ૫) શ્રી દતજી, પાંચોરા ૬) અનિષ્કા નીલેશ દંડ, હુબલી હસ્તે લેખાબેન ૭) તેજ કુણાલ મોતા, અંધેરી ૮) તનિષ્કા નીલેશ દંડ, હુબલી હસ્તે લેખાબેન ૯) સ્વ. કાન્તાબાઈ પ્રતાપ લોડાયા, પાંચોરા આપશ્રીનો આભાર.


શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.



શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **નિતીન કે. શાહ** | ઓલ્ડ નં ૧૬, ન્યુ નં ૨૯, એસ.આર.પી.નગર, ૨જે માળે, ક્રોસ સાઈબાબા કોલોની પોસ્ટ, કોઈમ્બતુર - ૬૪૧ ૦૧૧ |
| **દિલીપ લાલજી નાગડા** | ૨૩, અહિલ્યાદેવી નગર, C/o. એકતા ક્લાસેસ, ધુળે - ૪૨૪ ૦૦૧ |
| **નરેન્દ્ર સી. માલદે** | ૮, કાસીબાઈ પાટીલ બિલ્ડીંગ, ૧ લે માળે, શાસ્ત્રી નગર, ઠાકુર વાડી, દિનદયાલ ક્રોસ રોડ, ડોંબિવલી (પ) ૪૨૧ ૨૦૨. |

આ જમણ ચાલીસગામ મા બુધવારના તથા પાંચોરા મા શનિવારે આપવામાં આવે છે. બુધવારના દિવસે ચાલીસગામ મા મતીમંદ વિદ્યાલય મા પણ આપવામા આવે છે.

**હુબલીમાં નવરાત્રી ઉત્સવ**

હુબલીમાં ભગવતી મહાકાળી મંડળે નવરાત્રી ઉત્સવ અને મહાકાલી માતાજીની આરાધના આનંદભેર ઉજવણી કરી. ઉત્સવ દરમ્યાન ભેજું કસવાના સવાલ જવાબના ત્રણ પ્રશ્નપત્રો ગોઠવવામાં આવેલ અન્ય દિવસોમાં દરરોજ ૧૦ સરપ્રાઈઝ ઈનામો રાખવામાં આવેલ. ૧૪.૧૦.૧૫નાં પ્રશ્નપત્ર રાખવામાં આવેલ. જેમાં ૨૬ પ્રશ્નો પુછવામાં આવેલ. વિજેતાઓમાં પ્રથમ જયશ્રીબેન પી. ઝવેરી, દ્વિતીય ચેતનાબેન નરેન્દ્ર મોમાયા અને તૃતિય લલીતાબેન હિરાચંદ દંડ રહ્યા.

૧૫.૧૦.૧૫ની સ્પર્ધામાં સરપ્રાઈઝ ઈનામો અપાયા. તા ૧૬.૧૦.૧૫ના "દક્ષિણ દર્શન"ની સ્પર્ધામાં પ્રથમ પ્રિતીબેન નિલેશ શાહ, દ્વિતીય ચેતનાબેન શરદ મોમાયા અને જયશ્રીબેન પી.ઝવેરી વિજેતા રહ્યા. ૧૭.૧૦.૧૫ની સ્પર્ધામાં સરપ્રાઈઝ ઈનામો અપાયા.

૧૮.૧૦.૧૫માં નવરાત્રીના નવ આંકડાની નવશબ્દોની સ્પર્ધામાં શ્રી બિપીનભાઈ ભવાનજી મોમાયા, પ્રિતીબેન નિલેશ શાહ, આરતીબેન જયેશ ખોના, અનનિતાબેન ભરત મોમાયા અને જયશ્રીબેન પી.ઝવેરીને સરખે ભાગે ઈનામની રકમ અપાઈ. એ જ દિવસે નાના બાળકો નૃત્ય નાટિકામાં દેવ-દેવી બન્યા. જેમના નામ છે નીલ પ્રદીપ શાહ, હેત્વી જતિન મોમાયા, વીર સિધ્ધાર્થ મૈશેરી, સ્તુતિ દિપક મૈશેરી, સંયમ દિપક મૈશેરી, વૃષ્ટિ દિપક ધુલ્લા, તીર્થ ભાવેશ શાહ, હેમ પ્રદીપ શાહ, સન્મીત ઉદય મૈશેરી, અક્ષીતા સિધ્ધાર્થ મૈશેરી, વૈભવ વિનોદ ધુલ્લા, હિત સચીન મૈશેરી, વિધિતા ઉદય કુરૂવા નૃત્ય નાટિકામાં ભાગ લેનાર બાળકોને અભિનય કરવા નિકિતાબેન મોમાયા અને ખુશીબેન ભાવેશ શાહ એ તૈયાર કર્યા હતા. આ નૃત્ય નાટિકાને શ્રી મહાકાલી મંડલ, ત્રિશલા ગ્રુપ અને લક્ષ્મીચંદ ધનજી પરીવાર તરફથી ઈનામો જાહેર કરવામાં આવ્યા.

તા ૧૯/૨૦ અને ૨૧ ઑક્ટોબરના પણ સ્પર્ધાઓ યોજાઈ અને વિજેતાઓને ઈનામ અપાયા.

વિજયા દશમીના મહાજન શ્રીના પદાધિકારીઓ અને દાતાશ્રીઓનું સન્માન કરાયું. આભારવિધિ શાંતીલાલ રામજી લાલકા એ કરી. કે.ડી.ઓ.યુથ ફોરમ દ્વારા દાંડિયા રાસની હરીફાઈ યોજાઈ અને વિજેતા ઓને ઈનામ અપાયા ફોરમ દ્વારા ફટાકડા ન ફોડવાની પ્રતિજ્ઞા લેનાર દરેક બાળકોને ભેટ અપાઈ. કાર્યક્રમ માટે બિપીનભાઈ ખીમજી મોમાયા, ચેતન હીરાચંદ અને સૌ.બિંદી સચીન મૈશેરીએ પ્રશંસનિય સહકાર આપ્યો.અલ્પાહાર નેવિલ નારાણજી લોડાયા પરિવાર (મામા રોડવેઝ) દ્વારા રાખવામાં આવેલું. સાંજેગુલાબચંદ શામજી ખોના પરિવાર તરફથી માતાજીની ભાવના રાખવામાં આવી હતી.

**ક.દ.ઓ.જૈન સંઘ પુના દ્વારા વડીલ વંદના**

ક.દ.ઓ.સંઘ પુનાના કમિટી મેમ્બરોએ લાલજી મૈશેરીની આગેવાનીમાં નવા વર્ષની સુપ્રભાતે પુનાના બધા વડીલોને મળી, તેમને ડ્રાયફ્રુટ આપી આશીર્વાદ લઈ વડીલ વંદના કરી હતી.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# જીવનચક્ર

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૩.૧૫ | સાંગલી | વિયાન-બીનલ/પ્રતિક વનરાજ લોડાયા | નાની ખાવડી | પુત્ર |
| ૨૮.૦૮.૧૫ | મુલુંડ | જિયા-હિરલ/મિહિર પ્રફુલ લાલકા | વારાપધર | પુત્રી |
| ૨૫.૦૯.૧૫ | ગાંધીધામ | ભવ્યમ્-લતા/ાભીખાલાલ શિયાળ | જખૌ | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૧.૧૫ | મુલુંડ | પારસ કાંતીલાલ લખમશી નાગડા | જખૌ | ૩૦ |
| | હૈદરાબાદ | રાગીની હરીશ નવીનચંદ્ર લાપસીયા | દલતુંગી | ૨૮ |
| ૦૯.૧૧.૧૫ | વડોદરા | કેવલ નવીનભાઈ વિકમશી | પરજાઉ | ૨૫ |
| | કોવઈનગર(ભુજ) | પૂર્વી કુલીનકાંત પદમશી મુનવર | કોઠારા | ૨૫ |
| ૧૨.૧૧.૧૫ | હૈદરાબાદ | દિપેશ લલીત ટોકરશી લોડાયા | રાપરગઢ | ૨૫ |
| | જાલના | કાર્તિકા કિશોરભાઈ ઠાકરશી મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |
| ૧૨.૧૧.૧૫ | મુલુંડ | તુષાર બીપીન ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૩૫ |
| | મુલુંડ | દિપા ભરત દામજી લાપસીયા | કોઠારા | ૩૨ |
| ૧૬.૧૧.૧૫ | ઈન્દ્રોર | જીગનેશ ગિરીશ મણીલાલ નાગડા | લાલા | ૨૬ |
| | ભાડુંપ | ખુશ્બુ પ્રદિપ ચંદ્રકાંત દંડ | લાલા | ૨૬ |

## આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૧.૧૫ | મુલુંડ | હર્ષ જનક હીરજી ધમશી | કોઠારા | ૨૬ |
| | મુલુંડ | ફોરમ નિમેષકુમાર રમણીકલાલ શાહ | કેરીયા | ૨૪ |
| ૧૬.૧૧.૧૫ | વડોદરા | રૂષભ રતીલાલ ખીયશી માપરીયા | નાગ્રેચા | ૨૭ |
| | દહીસર | નેહા અરવિંદ હેમરાજ ફુરીયા | બીદડા | ૨૭ |
| ૧૯.૧૧.૧૫ | ડોંબિવલી | વિજય દામજી મેઘજી શિયાલ | દલતુંગી | ૪૧ |
| | ડોંબિવલી | સુભદ્રા બાબુભાઈ બાબના ભંડારી | સિંગચુર | ૩૪ |

## છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૦.૧૫ | કાંજુરમાર્ગ | રોનક મહેન્દ્ર વિશનજી મોતા | નલિયા | ૨૭ |
| | ભુવનેશ્વર | વિની ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૨૧ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૧૧.૧૫ | નાંદેડ | લહેરચંદ નેણસી લોડાયા | સાંયરા | ૭૫ |
| ૧૪.૧૧.૧૫ | મુલુંડ | કાંતિ મુલજી લાલકા | લાલ | ૭૧ |
| ૧૫.૧૧.૧૫ | ઘાટકોપર | કસ્તુરબાઈ રામજી લાલજી ખોના | નલિયા | ૭૫ |
| ૧૭.૧૧.૧૫ | સાલેમ | નવલબેન ધનજી નાગડા | નલિયા | ૮૩ |
| ૧૮.૧૧.૧૫ | ઘાટકોપર | રતનબેન રાયચંદ શામજી ધરમશી | સુથરી | - |
| ૧૯.૧૧.૧૫ | મસ્જિદ | નલિનકાંત રાયચંદ લોડાયા | વારાપધર | ૭૭ |
| ૧૯.૧૧.૧૫ | નાગપુર | પદમશી નરપાર પટેલ (મોતા) | તેરા | ૮૨ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# ધ ઈકોનોમિક ટાઈમ્સના પ્રેરણાદાયી શાણા રોકાણકારો વિશેના વિશેષ લેખમાં જ્ઞાતિના શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર(સુથરી - વરલી)ને માન ભર્યું સ્થાન

ધ ઈકોનોમિક ટાઈમ્સના મંગળવાર તા. ૧૭ નવેમ્બર ૨૦૧૫ના અંકના ૧૬મા પાને 'ન્યુ ટોપ ગન્સ ઓફ દલાલ સ્ટ્રીટ' શિર્ષકથી સ્ટોક માર્કેટ વિશે અગ્રણી વેપાર પત્રકાર શૈલેશ મેનનનું જે સ્પેશિયલ ફિચર પ્રગટ થયું છે તેમાં સામાન્ય રોકાણકાર માટે જ નહીં, મોટા રોકાણકારો માટે ય જેમની સફળતાની કથા પ્રેરણાદાયી ગણાય તેવા પાંચ યોગ્ય શેર પસંદ કરવાની અચૂક ક્ષમતા ધરાવતા મોટા રોકાણકારોનો વિસ્તૃત પરિચય અપાયો છે, આવા પ્રેરણાદાયી રોકાણકારોમાં - રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર સુથરી-વરલીના કલ્પરાજ ધરમશીને 'ફ્રેંડસ આર ઈમ્પોટેન્ટ ઈન ઓફ માર્કેટસ'.


16 Special Feature Stock Market

# NEW TOP GUNS OF DALAL STREET

They are some of the biggest investors in the stock market, with an uncanny ability to pick the right scrips. Their preferences are cues for not just ordinary investors but also prominent fund houses. Shailesh Menon profiles a bunch of investors who despite the tremendous influence they wield on the market are not thrilled with the limelight

Ashish Kacholia

'Markets create heroes and zeroes'

Rakesh Kathotia

'I listen, research & buy stocks in good numbers'

Mukul Agrawal

'Aggressive but does not put principal at risk'

Kalpraj Dharamshi

'Friends are important in stock markets...'

India's Richest Non-Promoter Shareholders

'He holds large chunks in penny stocks'

Hitesh Ramji Zaveri

એવા પેટા શિર્ષક હેઠળ માનભર્યું સ્થાન મળ્યું છે. શૈલેશ મેનનને કલ્પરાજ સહ ધરમશી પરિવારની સફળતાનો યશ ટેકનિકલ એનાલીસીસ (બજારની વર્તમાન સ્થિતિમાં ચોક્કસ શેરમાં ક્યા ભાવે કેટલી લેવાલી-વેચવાલી રહેવાની છે તેની સંભાવના - આલેખ (ચાર્ટ) દ્વારા છણાવટ, કોઈ પણ શેરમાં મોટું રોકાણ કરવા પહેલાં તેની મેનેજમેન્ટમાં બેસનાર લોકો સાથે સંપર્ક કેળવી તેઓ બજાર અને તે શેર વિશે શું માને છે એ જાણી લેવાની જહેમત તથા રાકેશ ઝુનઝુનવાલા, રમેશ દામાણી તથા રાધા કિશન દામાણી જેવા બોટું રોકાણ કરવા રોકતા મિત્રોને આપે છે.

આ પત્રકારના મતે કલ્પરાજભાઈની કંપની તથા તેમના મિત્રોની પ્રારંભિક સફળતા તે વખતે સાવ મામુલી ગણાઈ સુસ્ત પડી રહેતી સંભાવનાવાળી કંપની સંશોધન દ્વારા અલગ તારવવા તથા કોઈ રોકાણ ન કરતું હોય તે વખતે તેમાં રોકાણ કરવાની હિંમત બતાવવાને આપે છે. આ મૂલ્ય શોધનારાઓએ અમારા રાજા બેટરી અને ટાઈટનમાં રોકાણ કરીને પોતાનો પાયો બનાવ્યો. ધરમશી પરિવારે ગોવા પાસે બોટમાં કેસીનો ચલાવતી કંપની ડેલ્ટા કોરપોરેશનને પણ સંભાવનાવાળી કંપની ગણી તેમાંથી પોતાનો પાયો મજબૂત કર્યો.

નાત જાણે છે કે કલ્પરાજભાઈ સી.એનું જાણાતા હતા તે વખતે શેર બજારના નવા કાર્ડ પાસ કરીને ભણેલાઓને આપાવવાના હતા તે વખતે એમણે કે.ડી. ધરમશીના નામે શેર બજારનું કાર્ડ મેળવી દલાળ તરીકે બજારમાં પ્રવેશ મેળવ્યો. તે અગાઉ રાયચંદભાઈ પેટા દલાલ તરીકે મુંબઈ બહાર ગામના ખાસ કરીને મૈસૂર રોકાણકારો સાથે સંપર્ક કેળવી ચોક્કસાઈવાળા અને પૂરી સેવા આપતા દલાલ તરીકે સારી નામના મેળવી ચૂક્યા હતા.

અલબત્ત, ધરમશી પરિવારે ત્યારબાદ સંશોધનને આધારે પોતાના રોકાણ તથા પોતાને સોંપતા ચૂંટેલા કલાયન્ટોના પોર્ટફોલીયો મેનેજમેન્ટ ધંધા પર ધ્યાન કેન્દ્રીત કરી સારી સફળતા મેળવી.

ધરમશી પરિવારને ૨૦૦૧માં ૯/૧૧ના આતંકવાદી હુમલા વખતે પોતે ઈન્ફરમેશન ટેકનોલોજી અને બીજા ક્ષેત્રમાં કરેલ રોકાણનું મૂલ્ય ઘટી જતાં કસોટીનો સામનો કરવો પડ્યો

પણ જાણકાર મિત્રોને સહાયતાથી તેમજ ફીસયે પર વધુ ધ્યાન આપી તેમણે જે (સંશોધન) કર્યુ. તેણે જ તેમને ઈકોનોમિક ટાઈમ્સ જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વ્યાપારીઅખબારના ઈન્વેસ્ટર વિશેના ફિચરમાં માનભર્યું સ્થાન અપાવ્યું.

એ લેખના લેખકે ધરમશી પરિવારની રણનીતિ સમજાવતા કહ્યું છે કે તેઓ કંપની પર ભારમૂકે છે અર્થતંત્રના કોઈ સેક્ટર (વિભાગ) પર નહીં. જેમાં મોટા રોકાણકારોના પોતાને કારણે વધુ પડતી ઉથલપાથલ થતી હોય તેવી કંપની પણ તેઓ પસંદ કરતા નથી.

ધરમશી પરિવારની સફળતાની કથામાં જે શેરોનો ખાસ ફાળો છે તે છે ઇલેકોન એન્જીનિયરીંગ, નેટકો ફાર્મા, ડેલ્ટા કોરપોરેશન, એસક્યુસેસ ઈંડીયા, પાછળથી ટોસીએસમાં થયેલી ઈ-સર્વ, ટીવીએસ મોટર તથા માર્કસાન્સ ફાર્મા.

સાથે અન્ય પ્રેરણાદાયી શાણા ઇન્વેસ્ટરોમાં છે આશિષ કોચલીયા, રાકેશ, કાઠોડિયા, મુકેશ અગ્રવાલ અને હિતેશ રામજી ઝવેરી.

ધરમશી પરિવારના નિકટના મિત્ર તથા તેમની ધરમશી પરિવારનો શેર બજારની સફળતાના આધાર સ્થંભ રાકેશ ઝુનઝુનવાળાની સફળતાની કથા નથી વર્ણવાઈ પણ તેમને ફોટા સાથે ભારતના કંપનીના પ્રાંરભકર્તા ન હોય તેવા સૌથી મોટા રોકાણકારોની યાદીમાં ૪૯ કંપનીઓમાં ૮૮૪૦.૮૦ કરોડના રોકાણ સાથે પ્રથમ સ્થાન મળ્યું છે. કલ્પરાજ ભાઈ તથા ધરમશી પરિવારને આવા પ્રેરક દ્દષ્ટાંત તરીકે રહેવાની શુભેચ્છા.

# 'Friends are important in stock markets...'

The fifth-floor office of Kalpraj Dharamshi in central Mumbai reminds one of the den of Gordon Gekko, the protagonist in the Hollywood movie Wall Street. The room, not large, has soft lighting and is filled with an L-shaped work bureau facing three dealer tables, an array of computer monitors (each displaying charts, excel sheets and portfolio listings), two bronze bull figurines, telephones, piles of neatly arranged folders and an elliptical trainer at the far-end. It is from here Kalpraj Dharamshi punches in his winning trades.

Kalpraj Dharamshi (KD to his friends) is reclusive unlike his more famous friends Rakesh Jhunjhunwala and Ramesh Damani. Dharamshi prefers to be like his mentor Radhakishan Damani – silent in his approach and dead accurate while making investments.

Dharamshi and his friends were among the first to find value in niche businesses. Stocks like Amara Raja Batteries and Titan have yielded decent portfolio returns for this pack of value-hunters. Dharamshi is also a big investor in Delta Corp, which runs offshore casinos in Goa.

**Dharamshi does not buy highly-leveraged companies and 'turnaround stories' either**

After much persuasion, Dharamshi met ET in his office a few days ago. His only condition was: "No interview please." "Why should I come out now? I've nothing to tell anyone," he dismissed our pleas for an interview in one brutal stroke. Nevertheless, Dharamshi played a gracious host for the next 90 minutes, discussing stocks, markets, market cycles and strategies. He entered the market in the late 80s as a stock dealer. A few years of internship with leading brokers, some experience calling out trades on the trading ring and friendship pacts with a handful of young promising investors, Dharamshi was ready to start his own broking venture.

A few years later, Dharamshi shut his broking business and turned a full-time investor. His first big jolt as an investor came in 2001, when the markets went into a tailspin post the 9/11 attack. Dharamshi, at that time, was betting big on stocks — especially of IT companies. After lying low for a few months, Dharamshi cleaned up his portfolio for a fresh start.

The cornerstone of Dharamshi's investments is solid research. KD relies a lot on technical research, according to friends. He is also known to meet managements before making large core-portfolio investments. Dharamshi is also fortunate to have well-connected friends like Damani and Jhunjhunwala to guide him through tough times. "Friends are important in stock markets… you need sensible people to correct you when you are reading markets wrong.," Dharamshi is known to have told an old acquaintance.

Dharamshi hunts for quality companies with good growth prospects. He is not much of a "sector picker" as he believes there could be several well-managed companies in sectors facing temporary cyclical headwinds. He does not buy highly-leveraged companies and 'turnaround stories' either.

Marksans Pharma, Elecon Engineering, TVS Motors and Natco Pharma have been some of Dharamshi's best investments in recent years. Besides investments in stocks, Dharamshi has a small portfolio of private equity investments, but these have not yielded very well for him, say market insiders.

"KD is not a very interesting investor. He's more long term," says a Mumbai-based high-profile stock investor.

# Kalpraj Dharamshi



AGE **Late-40s**

COMFORT ZONE
**Technical and fundamental research, influential friends**

WINNING STOCKS
**Elecon Engineering, Natco Pharma, Delta Corp, SQS India, E-Serve (later merged with TCS), TVS Motors, Marksans Pharma**

## ધ ઈકોનોમિક ટાઈમ્સના પ્રેરણાદાયી શાણા રોકાણકારો વિશેના વિશેષ લેખમાં ક.દ.ઓ. જ્ઞાતિના શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી - વરલી)ને માન ભર્યું સ્થાન

## શેર બજારની કે. ડી. ધરમશી ફર્મના સૂત્રધારો



શ્રી કલ્પરાજભાઈ



શ્રી હેમાંગભાઈ



શ્રી રવીન્દ્રભાઈ



---



## શા. શાન્તીલાલ ખીમજી મૈશેરી

(માંડવીવાળા)

ગામ : માંડવી - હાલ : ડોંબિવલી

જન્મ : તા. ૦૨/૦૬/૧૯૩૬

અરિહંત શરણ : તા. ૧૬/૧૦/૨૦૧૫

## શ્રધ્ધાંજલિ

આપની યાદ સદા આવતી રહેશે, આંખો અમારી ભીંજાતી રહેશે,
શાંતી સમતાના સાગર તમે, ખોટ તમારી કદી પુરાશે નહીં...

શોકાતુર : **માણેકજી પદમશી મૈશેરી પરિવાર**

ધર્મપત્ની : પ્રેમીલાબાઈ પુત્ર : ધર્મેશ પુત્રવધુ : આશા
પુત્રી-જમાઈ : વર્ષા ગિરિષ ધરમશી, જાગૃતિ નરેશ કેનીયા, રેણુકા હિતેષ ગોર
પૌત્ર-પૌત્રી : ચિરાગ, ચાર્મિ, સ્વ. હીરલ
દોહિત્ર : જીનેન ગિરીષ, મંયક હિતેષ,
દોહિત્રી : માનસી, જીનીશા નરેશ
બહેનો : સ્વ. ગુણવંતીબેન શનિલાલ દંડ, સ્વ. મધુરીબેન મુલચંદ લોડાયા, ગં.સ્વ. તારામતી કાન્તીલાલ મોમાયા, અ.સૌ. લીલાવતી મેઘજી મોમાયા
ભાઈઓ : સ્વ. ખુશાલચંદ, સ્વ. વિનોદ
ભાઈવહુ : ગં.સ્વ. હંસા ખુશાલ, ગં.સ્વ. કાશ્મીરા વિનોદ

**માતુશ્રી મીઠીબાઈ ખીમજી મૈશેરી પરિવાર**

**માતુશ્રી ભમલબાઈ પદમશી પીર પરિવાર** - સુથરી ના જમાઈ

અ.સૌ. વિણા વસંત, અ.સૌ. જયા કુલીનકાંત, અ.સૌ. હેમા નલીનકાંત,
અ.સૌ. તારા મહેન્દ્ર, અ.સૌ. મીના હરીષ,
અ.સૌ.સ્વ. સુશીલાબાઈ ઝવેરચંદ પોલડીયા, અ.સૌ. નીતા હિરેન નાગડા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# રોટેરી એવોર્ડ




## SERVICE ABOVE SELF
## નિઃસ્વાર્થ સેવા



રોટેરીયન **શ્રી ચંદ્રકાંતભાઈ ગુલાબચંદ શાહ**

# ૫૩ વર્ષની અખંડ નિઃસ્વાર્થ સેવા બદલ રોટરીનો એવાર્ડ




એવાર્ડ સ્વીકારતા એમના પરિવારજન તથા ધુલિયાનો રોટરી પરિવાર

ધુલિયાના રહેવાસી સેવાભાવી કુટુંબના હીરલા **શ્રી ચંદ્રકાંતભાઈ ગુલાબચંદ શાહ**ને એમની **''નિઃસ્વાર્થ સેવા''** બદલ રોટરી ઇન્ટરનેશનલ તરફથી આ પ્રતિષ્ઠિત રોટરી એવોર્ડ એમની નિઃસ્વાર્થ સેવા બદલ આપી બિરદાવ્યા છે. શ્રી ચંદ્રકાંતભાઈ રોટરી સંસ્થામાં ૫૩ વર્ષ સુધી સભ્ય રહી છેલ્લી ઘડી સુધી સેવા કરતાં રહ્યા હતા. તેમણે ૧૯૮૭ થી ૧૯૮૮ સુધી આ સંસ્થાનું ગર્વનર પદ શોભાવેલ. આ વર્ષ દરમ્યાન સેવાના અનેક કાર્યો કરી ધુલિયા શહેરનું નામ રોશન કર્યું.

તેમણે સાથે સાથે ધુલિયા ક.દ.ઓ./ગુજરાતી સમાજની અનન્ય સેવા કરી. તેમણે ક.દ.ઓ. મહાજન (ધુલિયા)નું પ્રમુખ પદ શોભાવ્યું. ધુલિયામાં બોર્ડીંગમાં શ્રીજી ઈંગ્લીંશ મિડિયમ સ્કુલના દસ વર્ષ સુધી સેક્રેટરી પદે તેમજ ૧ વર્ષ માટે ઉપ-પ્રમુખ પદે સેવા આપી.

જગતમાં ૨૫૦ દેશમાં ૩૫૦૦૦ રોટરીની ક્લબો ચાલે છે જેમાં ૧૨ લાખ સભ્યો છે. તેમાંથી ફક્ત ૧૫૦ સભ્યોને જ પસંદ કરી દર વર્ષે આ પ્રતિષ્ઠિત રોટરી એવોર્ડથી સન્માનવામાં આવે છે. આ વર્ષે શિર્ડીમાં યોજાયેલ રોટરી કોન્ફરન્સમાં શ્રી ચંદ્રકાંતભાઈના સત્કાર કરી તેમને આ એવોર્ડ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. પણ કુદરતને મંજુર ન હતું કે તેઓ પોતાની હયાતીમાં આ એવોર્ડ પોતે સ્વીકારે. આ એવોર્ડ સુરતમાં એમના પરિવારે તથા ધુલિયાના રોટરી પરિવારે સાથે સ્વીકારી તેમને ભાવભિની કુસુમાંજલિ આપી.

**Best Wishes from : HOTEL GANPATI PALACE, Dhule**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,